શ્રી રાજ-સોભાગ
સદ્‌ગુરુ પ્રસાદ

અંક : ૬૬ (ત્રિમાસિક) જૂન - ૨૦૧૪



Published by :
Shree Raj Saubhag Satsang Mandal
SAYLA-363 430 (GUJARAT-INDIA)
Tel. : 02755-280533, TeleFax : 280791
Email : rajsaubhag@yahoo.com
Website : www.rajsaubhag.org



આપણે દર્શનમોહ ઉપર ઘા કરવાનો છે. દર્શનમોહને કાઢવાનો છે. એ રીત આપણે શીખવી જોઈએ. એ સહેલી વાત નથી. આ દુનિયાની જેટલી વળગણા છે એ બધી છોડી દેવી જોઈએ, છોડી દેવી એટલે જંગલમાં જવું એમ નહીં, પણ અંદરથી જેને આપણા માન્યા છે મોહથી અને માયાથી એ મારાપણું છોડી દેવું જોઈએ.

— પ.પૂ. બાપુજી

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી

પત્રાંક : ૧૨૮

(પૂ. ભાઈશ્રીએ પત્રાંક-૧૨૮ ઉપર કરાવેલ સ્વાધ્યાય)

આ પત્ર પ.કૃ. દેવે અંબાલાલ લાલચંદ ઉપર વવાણિયાથી પ્રથમ ભાદ્ર સુદ-૬, ૧૯૪૬માં લખ્યો. આ પત્રની અંદર પ.કૃ.ના અંતઃકરણની અંદર કેવો વૈરાગ્ય છે અને એ વૈરાગ્યની દૃઢતા કેવી છે તે દર્શાવે છે. એટલે એમાં જે જે મુદ્દા કૃ. દેવે લીધેલા છે અને પોતે અનાદિકાળથી આજસુધી જે જે ભવાંતર કર્યું, એમાં જે જે ભૂલો કરી એ બધી આની અંદર દર્શાવી છે, અને એ બધી વાતો યાદ કરતાં કરતાં એમને જે મહાવૈરાગ્ય ઉત્પન્ન થાય છે એ જણાવી રહ્યા છે. તો વૈરાગ્ય છે એ તો પાયાનો ગુણ છે અને જે જીવે પોતાનું આધ્યાત્મિક ઘડતર કરવું છે, સાધનામાં ખૂબ ઝડપથી પ્રગતિ કરવી છે એ જીવના અંતઃકરણની અંદર વૈરાગ્ય છે તે વધતો જ જવો જોઈએ અને જેના અંતઃકરણની અંદર વૈરાગ્ય એકદમ તીવ્ર અને દૃઢ હોય એ જીવ પ્રગતિ તો ખૂબ ઝડપથી કરી શકે પણ પ્રગતિ કરતાં રસ્તામાં ઘણાં બધાં અંતરાયો, મુશ્કેલીઓ, તકલીફો, પરિષહ, ઉપસર્ગ આવું બધું ખૂબ આવે, એવે વખતે પણ એના અંતઃકરણની અંદર એ વૈરાગ્ય એવો હોય કે જે જીવ એનું આરાધન ચાલુ જ રાખી શકે અને એ ક્યાંય અટકે નહીં. તો દરેક સાધક અથવા તો દરેક મુમુક્ષુ એનો અનુભવ કે એણે આ માર્ગ ગ્રહણ કર્યો અને પોતે જે આરાધન કરી રહ્યા છે એ આરાધનની અંદર કેવા નાના નાના કારણથી એ પોતાનું આરાધન મૂકે છે અને અટકે છે, એટલું જ નહીં પણ ઘણાં કારણો એવાં હોય કે એને આરાધન કરતાં કંઈક પ્રગતિ કરી હોય તો એ પ્રગતિથી પાછા પડવું પડે. આ બધાનું કારણ વૈરાગ્યની ખામી છે. આમ અંબાલાલભાઈ પર પત્ર છે પણ ખંભાતના બધા મુમુક્ષુઓને સંબોધીને પ.કૃ. દેવે આ પત્ર લખ્યો છે. **ધર્મેચ્છક ભાઈઓ, પ્રથમ સંવત્સરી અને એ દિવસ**

પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

પ.કૃ. દેવ ખંભાતના બધા જ મુમુક્ષુઓને સંવત્સરી નિમિત્તે ખમાવે છે અને પછી ખૂબી એ છે કે એ સંવત્સરીના દિવસથી કરી અને અનાદિકાળથી આજ સુધી જે પાપ અને દોષ થયાં હોય એ બધાં ખમાવે છે. હવે આ ક્ષમાપના પછી કૃ. દેવ પોતાના અંતઃકરણની અંદર વૈરાગ્ય છે એ બાબત જણાવે છે. પ.કૃ. દેવે જાતિ સ્મરણજ્ઞાન પણ બાળઅવસ્થામાં પ્રાપ્ત કર્યું હતું. પછી એનું જ્ઞાન વધતું ગયું, અને આ એમની ૨૩ વર્ષની ઉંમર અને ભાદરવો મહિનો, તે વખતે તો એમનું જ્ઞાન કેટલું વિકસેલું હશે અને એ કહે છે કે **અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય.** આમ તો હકીકતની અંદર બધા જ મહાત્મા પુરુષો એમ કહે છે કે બધા જ અજ્ઞાની જીવો અથવા તો બધા જ દેહધારી જીવો, કે જેણે હજી દેહ ધારણ કરેલો છે, એટલે એણે હજી જન્મમરણના ફેરા મિટાવ્યા નથી, મુક્તિની પ્રાપ્તિ કરી નથી અને એ અનાદિકાળથી જન્મમરણ, જન્મમરણ કરતો આવ્યો છે. તો આ જે જન્મમરણ

કરે છે એમાં કોઈ કાળ એટલે કે અનાદિકાળથી આજસુધીમાં અનંતો સમય ગયો છે તો એમાં કોઈ કાળમાં કે કોઈ સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય એટલે કે જન્મમરણ ન કર્યા હોય, બીજું **સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય.** એણે દરેકે દરેક વખતે જ્યારે જ્યારે પણ એને જે જે ગતિની પ્રાપ્તિ થાય એમાં એને સંજ્ઞી મન મળે તે વખતે તેનું મન સતત સંકલ્પ-વિકલ્પ કરતું હોય, તો આ મન એટલે કે પોતાને ભ્રાંતિ છે કે આ શરીર એ હું, એટલે એ જે પણ કરી રહ્યો છે એ બધું અવળું જ થાય છે. અને એક તો એ ભ્રાંતિવાળો જીવ એટલે જ મોહથી ભરેલો છે અને સતત રાગ અને દ્વેષ કર્યા કરે છે. તો આવો જે જીવ કે એ સંકલ્પ-વિકલ્પ કરી, પોતે રાગ-દ્વેષ કરી અને પોતાનાં ભવભ્રમણ વધારતો જાય છે. તો આ રીતે જીવ સંક્લ્પ-વિકલ્પ કરે તો સમાધિભાવ કઈ રીતે આવી શકે ? જેટલા સાધકો છે તે તો બધા પોતાના મનને સંકલ્પ-વિકલ્પથી પર બનાવી અને સ્થિરતા સાધવાનો પુરુષાર્થ કરે છે ને ? અને એ સ્થિરતા સાધતાં સાધતાં સમાધિભાવમાં સાધકને આવવું છે. પણ એકધારા સંકલ્પ-વિકલ્પ કરતા હોય તો સમાધિ ક્યાંથી આવે ? તો પ.કૃ. દેવ આ ત્રણ વસ્તુ જણાવ્યા પછી કહે છે કે **નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહાવૈરાગ્યને આપે છે.** મહાવૈરાગ્ય એ એને પ્રાપ્ત થાય છે. આ રટણ કરતાં એટલે કે સ્મરણ કરતાં સતત વૈરાગ્ય આવે છે. તો આપણામાંથી જે અહીંયાં બેઠેલા છે એમાંથી કોઈને એવો વિચાર આવતો હશે કે હું અનાદિકાળથી ભટકું છું, જન્મમરણ, જન્મમરણ કરું છું અને સતત મારા ચિત્તની અંદર તો સંકલ્પ-વિકલ્પ તો ચાલ્યા જ કરે છે. ભલે મેં અધ્યાત્મમાર્ગ ગ્રહણ કર્યો પણ મારું ચિત્ત તો સ્થિર થતું નથી. તો સમાધિભાવ તો કેટલી દૂરની વાત છે. આવો વિચાર આવવો એ પણ બહુ મોટી વાત છે. જ્યારે આ વિચાર આવે અને જીવની અંદર ફફડાટ થઈ જાય કે અરેરે, આટલાં બધાં દુઃખો મેં સહન કર્યા ? પણ હવે એ બધાથી મારે છૂટવું છે. આવી છૂટવાની અંદરથી તીવ્ર ભાવના થાય તો એના અંતઃકરણની અંદર વૈરાગ્ય સ્થિર થઈ જાય. તો હવે આ એક અપેક્ષાએ વાત કરી કે અનાદિકાળથી જીવ જન્મમરણ કરી રહ્યો છે, સંકલ્પ-વિકલ્પનું રટણ કરી રહ્યો છે. હવે બીજી વાત **વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ?** તો હવે મારે પરિભ્રમણ કરવું જ નથી. આ બધાથી મારે છૂટવું છે. તો આમાં વાત આવી સ્વચ્છંદની. અનાદિથી જીવ પોતાની રીતે જ કાર્ય કરવાને ટેવાયેલો છે, અથવા તો એના મનની અંદર એવો જ ભાવ હોય કે હું કહું તેમ જ બધું થવું જોઈએ. બધાની અંદર પોતાનો હું લાગેલો હોય અને આવો જે જીવ છે તે ધર્મ કરે તો પણ સ્વચ્છંદે કરે. પોતાની ઇચ્છાથી કરે. આ તો થઈ માત્ર ધર્મની વાત. પણ સંસારની અંદર બીજાં અનેક કાર્યો કે જે પોતે પોતાની રીતે કર્યા જ કરતો હોય છે. આ તો એક વાત થઈ પણ જ્યારે જીવને પોતાનું અજ્ઞાન દૂર કરવું છે ત્યારે બળવાન પરિબળ છે તે સ્વચ્છંદ છે. જીવ ગમે તેટલો પુરુષાર્થ કરે પણ એના સ્વચ્છંદને કારણે તેનું અજ્ઞાન બળવાન અને મજબૂત રહે છે એટલે કે એનું મિથ્યાત્વ બળવાન રહે છે. આ સ્વચ્છંદ જીવમાંથી જવો જ જોઈએ. કેમકે આ શરીર એ હું એ એનું અભિમાન અને એ અભિમાનપૂર્વક સ્વચ્છંદથી એ પ્રવૃત્તિ કરે તો એ સાચી વાત તો સમજી શકતો હોતો નથી અને કદાચ થોડી ઘણી સમજતો હોય તો પણ એનો સ્વચ્છંદ એને સાચું આચરણ કરવા ન દે. તો પ.કૃ. દેવે કીધું કે **સ્વચ્છંદથી પરિભ્રમણ કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ?** પછી બીજા જીવો પ્રત્યે ક્રોધ, માન, માયા, લોભ એ કરતાં અથવા

તો એવા અન્ય ભાવો કરતાં એ માઠા છે એમ મને યથાયોગ્ય સમજણ કેમ ન આવી ? કેમકે અનાદિથી કષાયભાવ કરતો આવ્યો હોય તો જ એને કર્મનાં બંધન થાય અને કર્મનાં બંધન થાય તો જ એના જન્મમરણ, જન્મમરણ ચાલુ રહે. જ્યારે જીવને એમ થાય કે હું આ જે કષાયભાવ કરું છું તે બંધનકર્તા છે માટે કષાયભાવ મારે ન કરવા જોઈએ. આટલો તો કમસે કમ એને ખ્યાલ આવવો જોઈએ અને પછી એના કષાયો પાતળા પડવા જોઈએ. એટલે કૃ. દેવે આવી રીતે કષાયભાવો કરતાં અથવા તો એવા અન્ય ભાવો કરતાં એ માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? બસ, આવી યથાયોગ્ય જાણકારી આ અધ્યાત્મમાર્ગના બધા પંથીઓએ પ્રાપ્ત કરી અને એને અંતઃકરણ સુધી પહોંચાડવાની છે. તો કૃ. દેવે તો આ માઠું છે એમ પછી પોતાની જાત પર સવાલ પૂછ્યો અને પછી કહે છે **અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.** કે મારે હવે ફરીથી જન્મમરણ નથી કરવાં આવું એમને દૃઢ થતું જાય છે. એટલે કે નિર્વેદભાવ એમને દૃઢ થતો જાય છે. અને અંતઃકરણની અંદર વૈરાગ્ય વધતો જાય છે. આમ કૃ. દેવને ઝળહળતો વૈરાગ્ય છે. આમ બે પ્રકારની વાતો થઈ હવે ત્રીજો પ્રકાર કે સંસારમાં રહેતો જે જીવ છે એને અમુક જીવો સાથે એવો ગાઢો સંબંધ હોય, ગાઢા રાગભાવથી એટલાં બધાં બંધન હોય કે કોઈ એકબીજા વગર રહી ન શકે. તો આ જે રાગભાવ છે તે અનાદિકાળથી જીવને જન્મમરણ કરાવે છે. એટલે આની અંદર એમ કહે છે કે **વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો, તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી.** આ સવાલ પોતે પોતાની જાતને કરે છે અને પછી પોતે જ કહે છે કે એ **ફરી ફરી વૈરાગ્ય આપે છે.** એટલે આમ તો સંસારમાં રહેતા જીવોને થોડાક જીવો સાથે તો આવો ગાઢ પ્રેમનો સંબંધ હોય અને એમ જ લાગે કે એમના વગર તો હું જીવી જ નહીં શકું, અથવા તો અમે એકબીજા વગર જીવી જ નહીં શકીએ અને છતાં આપણે અનાદિકાળથી આવા ગાઢા રાગબંધન અનંતા જીવો સાથે કર્યા અને એનો વિયોગ પણ થયો. છતાં આપણું જીવન તો એમને એમ ચાલ્યું જ. તો પ.કૃ. દેવ કહે છે કે એ કેવું આશ્ચર્યકારક છે ! હવે એમાં જે મૂળ પ્રીતિભાવ અથવા તો રાગભાવ કર્યો તો કહે છે કે, **અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.** તો આ ગાઢા રાગસંબંધની વાતચીત થઈ. ઘણાં જીવો એવા હોય કે આપણને એમ થાય કે હવે આનું મોઢું કોઈ દિવસ જોવું જ નથી આવા ભાવ થઈ જાય. તો એ બાબત પ.કૃ. દેવ જણાવે છે કે **વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ?** તો હવે જેની સાથે આપણને દુશ્મનાવટ થઈ જાય, વેરઝેર થઈ જાય અથવા તો ખૂબ જ અસંતોષ ઊભો થઈ જાય. પછી આપણે એની સાથેના બધા જ સંબંધો કાપી નાંખીએ. એની સામે પણ ન જોવું એવો ભાવ મનમાં ધરીએ. તો આવો જે ક્લેષિત ભાવ અંતઃકરણની અંદર ઊભો થયેલો હોય અને એવા ભાવથી જે કર્મનાં બંધન થાય એ બંધન કેવાં લાગે ? કે જેનું મોઢું પણ ન જોવું હોય એના ઘરે કાં તો પુત્રપણે અવતરવું પડે, કાં તો સ્ત્રીપણે અથવા તો એના કુટુંબમાં દાસીપણે સેવા આપવી પડે અથવા તો ઘરની અંદર નાના જીવજંતુપણે ઉત્પન્ન થવું પડે. એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું. **અર્થાત્**

એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ ક્લેષિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે. તો આમાં બીજી એક વાત - કે કોઈક એવા જીવો કે જેની સાથે પૂર્વભવમાં કંઈક એવાં વેરઝેર ઊભાં થયાં હોય, દુશ્મનાવટ થઈ ગઈ હોય, એકબીજાનું મોઢું જોવાની પણ ઇચ્છા ન હોય. પણ આ ભવની અંદર એક જ કુટુંબમાં પાછા ભેગા થઈ ગયા હોય અને અંદર અંદર લડાઈ અને ઝગડા ચાલ્યા કરતા હોય તો બધાને એમ થાય કે ભાઈ આ તો બધા એક જ કુટુંબના દીકરા પણ અંદરો અંદર લડ્યા જ કરે છે, આવું કેમ થતું હશે ? પણ એ એક પૂર્વભવનું જે કાંઈ એકબીજાનું ઋણાનુબંધ હોય તે ચૂકવવા માટે જે વર્તમાન ભવ હોય એમાં ભેગું થવું પડે અને આવી પરિસ્થિતિ ઊભી થાય તો આની અંદર કૃ.દેવે મુખ્યપણે ચાર વાત જણાવી કે અનાદિકાળથી જન્મમરણ કરતો જીવ એ સતત સંકલ્પ અને વિકલ્પ કર્યા કરે છે. પછી બીજું કે અજ્ઞાન અને સ્વચ્છંદથી તે પરિભ્રમણ અને એ પરિભ્રમણ કરતાં કષાયભાવો સતત કર્યા કરે છે. તીવ્ર રાગભાવ અને તીવ્ર દ્વેષભાવ. આમ બીજી રીતે કહીએ તો રાગ, દ્વેષ અને અજ્ઞાન. આ ત્રણના હિસાબે અનાદિકાળથી આજ સુધી જીવને કેવા કેવા અનુભવો થતા હોય છે એ બધું કૃ. દેવ યાદ કરે છે, ત્યારે એના અંતઃકરણની અંદર તીવ્ર વૈરાગ્યની ધારા ચાલુ થાય છે. એટલે આટલી વાત કર્યા પછી આગળ કહે છે **વધારે શું કહેવું ? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે.** તો હવે અનાદિકાળથી જે ભવભ્રમણ કર્યું તે ભ્રાંતિપણે એટલે કે અજ્ઞાનથી કર્યું અને આ બધી વાતનું સ્મરણ કરતાં કરતાં અંદરથી એક ફિકર થઈ ગઈ, કે હવે મારે જીવવું કેવી રીતે ? આમ ફિકર કરતાં કરતાં એના અંતઃકરણની અંદર એક દૃઢતા થાય છે. શું દૃઢતા ? ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે. હવે આવું દૃઢત્વ આપણામાંથી કોઈ પોતાના અંતઃકરણની અંદર લાવી શકે ? કે મારે હવે ફરીથી જન્મવું જ નથી અને હવે ફરીથી મારે રાગદ્વેષ અને અજ્ઞાનભાવમાં જવું જ નથી. કૃ. દેવના અંતઃકરણની અંદર આ દૃઢતા થઈ ગઈ. દૃઢ સંવેગભાવ કે બસ, હવે મોક્ષ સિવાય આ સંસારમાં બીજું કશું જ પ્રાપ્ત કરવું નથી. અને બીજી કોઈ સ્પૃહા નથી. અને નિર્વેદભાવ કે અનાદિકાળથી પરિભ્રમણ કરતાં દુઃખ, દુઃખ અને દુઃખનો અનુભવ કર્યો. હે જીવ હવે તું થોભ, અટક. એટલે કમ સે કમ જે અનાદિકાળથી આજસુધી સતત એકબીજા સાથે આપણે જે રાગદ્વેષથી વહીવટ કરતાં હતાં તે તો આપણે ઘટાડી શકીએને ? રાગદ્વેષને પાતળા પાડી શકીએ. કષાયભાવો ન થવા દઈએ. આસક્તિ ન થવા દઈએ. આવું બધું તો કરી જ શકીએ. અને પછી જીવ જો થોડોક પણ અંતર્મુખ થઈ અને સ્થિર થાય તો એનામાં શક્તિ આવે અને જીવ પોતાના અંતઃકરણની અંદર દૃઢતાથી સંકલ્પ કરી શકે કે હવે મારે જન્મવું જ નથી. આ દૃઢત્વ કૃ. દેવે પોતાના અંતઃકરણની અંદર ઊભું તો કર્યું પણ હવે એને વિટંબના છે તે જણાવે છે. **પણ કેટલીક નિરૂપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું.** કૃ. દેવના કર્મની અંદર આખો સંસાર વળગેલો છે. સમગ્ર સંસાર કે જેમાં બધી સંસારની પ્રવૃત્તિ અને જેમાં વેપારની પ્રવૃત્તિ પણ એમને કરવી પડે છે. એ કર્મનો ઉદય છે. તો ઉદયને તો કોઈ મિટાવી

શકતું નથી એટલે કૃ. દેવ કહે છે કે જે કાંઈ આડું આવે છે એને કોરે કરવું પડે છે. તો એને આ કોરે કરવાની અંદર કાળ-સમય પસાર થઈ જાય છે અને એમ કરતાં કરતાં કહે છે કે જીવન ચાલ્યું જાય છે એને ન જવા દેવું. **જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું ?** તો કર્મનો ઉદય તો બધા જ્ઞાનીઓએ પણ ભોગવવો પડે. કૃ. દેવનું આ ૨૩મું વર્ષ છે. અને આ પ્રથમ ભાદરવો મહિનો છે જેમાં કૃ. દેવના અંતઃકરણની અંદર ઝુરણા છે કે કોઈપણ રીતે શુદ્ધ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરી લેવી. અને એ પ્રાપ્તિ કરવાની જે દૃઢ ઇચ્છા છે તે આ એમનાં દૃઢ વૈરાગ્યપ્રેરક વચનો છે. એની અંદર એ દૃઢતા અને ઇચ્છા આપણને જણાય તો છે જ પણ સાથે સાથે એ કઠણાઈ પણ કૃ. દેવ જણાવે છે કે જે સંસાર એને વળગેલો છે એને દૂર કરવામાં પાછો સમય પણ વ્યતીત થઈ જાય છે. તો હવે શું કરવું ? સાથે સાથે હવે જે સૌથી મોટી કઠણાઈ **કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્‌ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?**

કૃ. દેવને જ્ઞાની મહાત્માઓ, જ્ઞાની સંતોનો સમાગમ જોઈએ છે. એવા સંતોના શરણમાં રહી એને એનું આત્મકલ્યાણ સાધવું છે. અને એ કઠણાઈ એમણે અંબાલાલભાઈના પત્રમાં તો જણાવી પણ એમણે જે મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પરના જે પત્રો લખેલા છે તે પત્રોમાં પણ એ કઠણાઈ જણાવી છે અને આ સૌથી મોટી કઠણાઈ. આટલી બધી કઠણાઈ જણાવ્યા પછી પણ એના અંતઃકરણની અંદર કેટલી દૃઢતા છે, કહે છે કે **'ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.'** આ એનો સંકલ્પ કે ગમે તેમ હો, આપણે બધાએ બરાબર વિચારવાનું છે કે આપણા બાહ્ય સંજોગો ગમે તેવા હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ આવી પડો, આધિઓ કે ઉપાધિઓ આવી પડો - એમ કરવું જ. ત્યાં સુધી છૂટકો નથી. આ પ.કૃ. દેવે જે વચન પોતાના માટે લખ્યું એ આપણા માટે જ છે એમ ગણવાનું છે અને એ રીતે આપણે આપણી જાતને તૈયાર નહીં કરીએ તો આપણો પણ છૂટકો થશે નહીં.

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે. હવે આપણને તો એમ થાયને કે હરીએ, ફરીએ, સંસારનાં બધાં કાર્યો કરીએ, હોંશે હોંશે કામ કરીએ, સંસારના બધા પ્રસંગો ઉકેલીએ અને આત્મ-કલ્યાણ પણ કરીએ. આવી બધી મથામણ બંને બાજુ ચાલતી હોય ને તો એક બાજુ સંસારનાં જ વિચારો ચાલતા હોય, સંસારના આયોજનો હોય અને બીજી બાજુ થોડા ઘણા આધ્યાત્મિક વિચારો પણ ચાલતા હોય. પ.કૃ. દેવ શું કહે છે ? **ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી.** જરાકવાર સંસારના વિચાર, જરાકવાર આધ્યાત્મિક વિચાર. આમ ક્ષણે ક્ષણે પલટાતી વિચારધારા પોતાના મનમાં ચાલ્યા કરતી હોય તો તે કૃ. દેવ કહે છે નથી જોઈતી. **અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું.** શૂન્ય એટલે સાવ શાંત બેસી શકીએ આપણે ? **તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું, તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું.** એટલે આમ કૃ.દેવને ક્ષણે ક્ષણે પલટાતી ચિત્તવૃતિએ નથી જોઈતી અને સતત્‌ વિચાર વગરની દશા જોઈએ છે. આપણે એને એક અપેક્ષાએ નિર્વિકલ્પ

દશા જોઈએ છે એમ કહી શકીએ. અમુક કાળ સુધી એમને સંત સિવાય કાંઈ નથી જોઈતું. એ ન હોય તો સત્સંગ સિવાય કાંઈ નથી જોઈતું અને કદાચ સત્સંગનો પણ જોગ ન હોય તો **આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.** આર્યાચરણ એટલે કે જેને કહીએ કે અધ્યાત્મ માર્ગમાં જીવે જે આચરણપૂર્વક પોતાનું જીવન વિતાવવું જોઈએ એ આચરણની મર્યાદામાં રહીને પોતાએ જીવવું જોઈએ અને કદાચ એ ન હોય તો પણ એને ભગવાનની ભક્તિ જોઈએ છે. એને એ ભક્તિમાં લીન થઈ જવું છે. એનાથી વધારે આગળ નથી જવું. આપણે તો એનાથી આગળ ઘણા જઈએ છીએ. પછી આગળ કહે છે, જેને કહીએ ને કે શાસ્ત્રના બધા મહત્ત્વના મુદ્દાઓ જણાવ્યા કે જેની અંદર થોડાં ઘણાં રહસ્યો પણ ભરેલાં હોય તો કહે છે. **ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.** તો જીવ બુદ્ધિશાળી છે અને આગમનો અભ્યાસ કરી શકે છે પણ મોહથી ભરેલો જીવ છે. એટલે ભગવાને જે રહસ્યો આગમની અંદર મૂકેલાં હોય એની ગમ ન પડે. અને આગમની અંદર જે કહેવામાં આવ્યું હોય એનું અર્થઘટન પોતાની મોહજનિત બુદ્ધિથી કરે અને આવી બુદ્ધિથી જે અર્થઘટન થાય તેમાં પોતે પોતાનું કલ્યાણ તો કઈ રીતે સાધી શકે ? **સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.** અત્યારે તો આખી દુનિયામાં મેનીયા છે ધ્યાનનો. બધા અલગ અલગ રીતે ધ્યાન કરતાં હોય છે. પણ એ મહાપુરુષો તો એમ કહે છે કે જો જીવને સત્સંગનો આધાર ન હોય તો એ ધ્યાન નથી પણ તરંગ છે. **સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.** એટલે જો ખરેખર આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો સત્નો સમાગમ જોઈએ જ. સંતનો સમાગમ જોઈએજ. પણ વર્તમાનમાં લગભગ મોટા ભાગના જીવો છે ને પોતાનું જીવન લૌકિકભાવે વિતાવે છે. લોકો કરે એમ કરવું, લોકોને સારું લાગે એમ કરવું. લોકોમાં પોતાની કીર્તિ, વાહવાહ અને નામના થાય એ રીતે કરવું. ધર્મ પણ એ રીતે લૌકિક ભાવે કરવો. તો આખી જિંદગી ધર્મ પણ આવી રીતે લૌકિકભાવે કરે તો કૃ. દેવ કહે છે કે **લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.** એટલે કે લૌકિકભાવે મોક્ષે જવાતું નથી. **લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.** હવે આ વૈરાગ્ય માટેની બીજી મહત્ત્વની વાત કે જ્યાં લૌકિકભાવ છે ત્યાં વૈરાગ્ય ટકી શકતો નથી. એનો પાયો નબળો જ હોય છે. એટલે યથાયોગ્ય વૈરાગ્ય જોઈતો હોય તો એણે લૌકિકભાવ છોડવો જ જોઈએ. હવે આમ આટલું કહ્યા પછી કૃ.દેવ જ અંબાલાલભાઈ વગેરેને સવાલ પૂછે છે કે **'એ કંઈ ખોટું છે ?' શું ?** હવે કહે છે કે **પરિભ્રમણ કરાયું તે કરાયું.** હવે તો જે આટલું અનાદિકાળથી આજ સુધી જે પરિભ્રમણ થયું તે થયું. એમાં તો આપણાથી કાંઈ કરી શકાય એમ છે ? જે થઈ ગયું તે થઈ ગયું. તો એમાં શું કરી શકીએ ? **હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?** હવે મારે પરિભ્રમણ નથી કરવું. એના પચ્ચખાણ લેતા હશે ? ઉપવાસના પચ્ચખાણ આપણે લઈ શકીએ. એકાસણાના પચ્ચખાણ લેવાય. એવા એવા બીજા પચ્ચખાણ આપણે લઈ શકીએ. સંથારો કરીએ એના પચ્ચખાણ પણ આપણે લઈ શકીએ. પણ પરિભ્રમણ, બસ હવે મારે પરિભ્રમણ કરવું જ નથી અને હું એના પ્રત્યાખ્યાન લઉં છું. આવો સંકલ્પ, આવી દૃઢતા જ્યારે આપણા અંતઃકરણની અંદર ઊગે ને ત્યારે આપણું જે આરાધન છે ને એની અંદર ખૂબ ખૂબ વેગ આવે. અને ખૂબ ઝડપથી એ પ્રગતિ કરી શકે. આમ કૃ.દેવ કહે છે કે પરિભ્રમણના પ્રત્યાખ્યાન લઈ શકાય. **એ પણ આશ્ચર્યકારક છે. અત્યારે એ જ. ફરી યોગવાઈએ મળીશું. એ જ વિજ્ઞાપન.** છેલ્લે સહી કરી કે રાયચંદના યથાયોગ્ય. તો જે કૃ.દેવનું

જીવન છે અને એ જીવનમાં એમની બાળઅવસ્થા કે જેમાં અનાદિકાળથી એણે કરેલું આરાધન, અને એ આરાધનથી એના અંતઃકરણની અંદર ઘણી બધી જે શક્તિઓ રહેલી હતી કે જે શક્તિઓ બધી પ્રગટ થયેલી આપણને દેખાય, કે એમને અપૂર્વ સ્મરણશક્તિ હતી, બાળપણમાં સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલું જ નહીં પણ એ અભ્યાસ એટલો બધો ઝડપથી કરી શકે અને જે શિક્ષક સમજાવે એમાં શિક્ષક તો કેટલું સમજીને સમજાવી શકતા હશે એ તો શિક્ષક જ જાણે પણ કૃ. દેવ તો શિક્ષકે જે કીધુ એના બધા મુદ્દા સમજી શકે ને એવી એનામાં સમજણ શક્તિ હતી. આવી રીતે એને બાળપણથી શતાવધાન, જ્યોતિષવિદ્યાનું જ્ઞાન, અપૂર્વ સ્મરણશક્તિ, આવી એટલી બધી શક્તિઓ એનામાં રહેલી હતી. અને સાથે સાથે આવો દૃઢ વૈરાગ્ય.

આમ કૃ. દેવ બાળપણથી જ આ સંસારમાં રહેતા બીજા જીવોથી જુદા જ તરી આવે. આમ એમનું જે જીવન છે તે આપણા બધા માટે એક જબરજસ્ત પ્રેરણા છે. એટલે આપણે એમના જીવનની એકેક વસ્તુની પ્રેરણા લેતા જઈએ અને એમાં પણ આ જે પ્રાથમિક ગુણ વૈરાગ્ય એ પ્રેરણા તો આપણે લેવાની જ છે, કેમકે બાળપણથી એમનામાં ઝળહળતો વૈરાગ્ય હતો. આવો વૈરાગ્ય આપણે લાવવો જોઈએ. એમાં આ ૧૨૮મો પત્ર છે અને પછી એને શુદ્ધ સમ્યક્‌દર્શન થયું. કે જેમાં સમ્યક્‌દર્શનની આખી વાત, સૌભાગભાઈ સાથેનું મિલન થયું અને એ નિમિત્ત એવું બન્યું કે કૃ.દેવને શુદ્ધ સમ્યક્‌દર્શન થયું. તો જે માર્ગ સૌભાગભાઈ પાસે હતો, જે માર્ગ કૃ. દેવે પ્રાપ્ત કર્યો તો જો એ જ માર્ગ આપણી પાસે પણ હોય તો આપણને પ.કૃ. દેવ પ્રેરણા આપી રહ્યા છે કે તમે આ જ્ઞાનથી શુદ્ધ સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરી શકો. આમ એમના જીવનમાંથી ઘણી ઘણી પ્રેરણા આપણને મળી રહી છે.

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

ગુરુપૂર્ણિમા પ્રસંગે

આતમના આભથી વરસી ગુણ ચાંદની,
ભક્તિની શીતળતા રગ રગ સમાણી પ્રભુજી...
પ્રભુજીને ભજવાનો શુભ દિન આવ્યો,
ગુરુ પૂનમે ઉર આનંદ છવાયો. (૨)
આજના આ દિવસે સૌ ભક્તિથી ગાઓ,
મુક્તિના રસમાં મસ્ત થઈ જાઓ. (૨)
હો... હો... હો...

૧. ગુરુજીનું મુખડું... પૂનમનો ચંદ્રમા,
શાંતિના કિરણોથી ઝળકે છે આતમા. (૨)
ગુરુની સત્ શ્રદ્ધાથી દૂર થયું અજ્ઞાન,
સાધનાની સૂરતાથી ટળ્યું દેહ અભિમાન. (૨)
હો... હો... હો...

૨. બાપુજીનાં સ્મરણો... શ્વાસ અમારો,
સત્‌બોધ છે અમને પ્રાણોથી પ્યારો. (૨)
નિત્ય જપીએ તુજ નામની માળા,
જગમાં પ્રસરે જૈન ધર્મનાં અજવાળાં.
હો... હો... હો...

૩. ગુરુમાના મૌનને... હૈયે અવધારો
નૈનોના તેજ અને સ્મિતને સંભારો. (૨)
બાપુજીના પત્રોથી વધ્યું આતમ બળ,
પગલે પગલે ચાલી કરીએ જીવન સફળ. (૨)
હો... હો... હો...

૪. ભાઈશ્રીની સ્થિરતા... ઠારે વ્યાકુળ મન,
ધૈર્યને ધીરજથી મહેકે છે જીવન. (૨)
ગુરુગમ જ્ઞાનથી ખીલ્યું આતમ વન,
કરીએ એકાંત મૌનનું નિત્યઆરાધન. (૨)
હો... હો... હો...

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી

પત્રાંક : ૪૭

(બ્ર.નિ. રસિકભાઈએ પત્રાંક-૪૭ ઉપર કરાવેલ સ્વાધ્યાય)

સત્પુરુષોને નમસ્કાર

સુજ્ઞ,

મારા તરફથી એક પત્તુ પહોંચ્યુ હશે. તમારો પત્ર મેં મનન કર્યો. તમારી વૃત્તિમાં થયેલો ફેરફાર આત્મહિતસ્વી મને લાગે છે.

અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્ત્વમોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્દષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે.

એ વસ્તુથી આત્મા અનંતકાળથી ભરપૂર રહ્યો છે. એમાં દષ્ટિ હોવાથી નિજ ગૃહ પર તેની યથાર્થ દષ્ટિ થઈ નથી. ખરી તો પાત્રતા, પણ હું એ કષાયાદિક ઉપશમ પામવામાં તમને નિમિત્તભૂત થયો એમ તમે ગણો છો, માટે મને એ જ આનંદ માનવાનું કારણ છે, કે નિર્ગ્રંથ શાસનની કૃપા પ્રસાદીનો લાભ લેવાનો સુંદર વખત મને મળશે એમ સંભવે છે. જ્ઞાનીદષ્ટ તે ખરું, જગતમાં સત્પરમાત્માની ભક્તિ - સત્ગુરુ - સત્સંગ - સત્શાસ્ત્રાધ્યયન - સમ્યક્દષ્ટિપણું અને સત્યોગ એ કોઈ કાળે પ્રાપ્ત થયા નથી. થયાં હોત તો આવી દશા હોત નહીં. પણ જાગ્યા ત્યાંથી પ્રભાત એમ રુડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવું એ જ અનંતભવની નિષ્ફળતાનું એક ભવે સફળ થવું મને સમજાય છે.

સદ્ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્પાત્રતા વિના એમ થવું અટક્યું છે. તેની પ્રાપ્તિ કરીને સંસારતાપથી અત્યંત તપાયમાન આત્માને શીતળ કરવો એ જ કૃતકૃત્યતા છે. એ પ્રયોજનમાં તમારું ચિત્ત આકર્ષાયું એ સર્વોત્તમ ભાગ્યનો અંશ છે. આશીર્વચન છે કે તેમાં તમે ફળીભૂત થાઓ.

ભિક્ષા સંબંધી પ્રયત્નતા હમણાં મુલતવો. જ્યાં સુધી સંસાર જેમ ભોગવવો નિમિત્ત હશે તેમ ભોગવવો પડશે. તે વિના છૂટકો પણ નથી. અનાયાસે યોગ્ય જગા સાંપડી જાય તો તેમ, નહીં તો પ્રયત્ન કરશો. અને ભિક્ષાટન સંબંધી યોગ્ય વેળાએ પુનઃ પૂછશો. વિદ્યમાનતા હશે તો ઉત્તર આપીશ.

'ધર્મ' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર-સંશોધનથી તે પ્રાપ્ત થાય છે, તે અંતરશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે. તમારા વિચારો સુંદર શ્રેણીમાં આવેલા જોઈ મારા અંતઃકરણે જે લાગણી ઉત્પન્ન કરી છે તે અહીં દર્શાવતાં સકારણ અટકી જઉં છું. ચિ. દયાળભાઈ પાસે જશો. કંઈ દર્શાવે તો મને જણાવશો. લખવા સંબંધમાં હમણાં કંઈક મને કંટાળો વર્તે છે. તેથી ધાર્યો હતો તેના આઠમા ભાગનો પણ ઉત્તર લખી શકતો નથી. છેવટની આ વિનયપૂર્વક મારી શિક્ષા ધ્યાનમાં રાખશો કે :—

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.

સ્યાત્પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી. તો પછી ધર્મ પ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઈએ.

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

એમ ઈચ્છી વળતી ટપાલે પત્ર લખવા વિનંતી કરી પત્રિકા પૂર્ણ કરું છું.

લિ. માત્ર રવજી આત્મજ રાયચંદના પ્રણામ –
નિરાગ શ્રેણી સમુચ્ચયે

જેને પત્ર લખવામાં આવ્યો છે તેને કહે છે તમારો પત્ર મળ્યો છે. તમારી વૃત્તિમાં થયેલો ફેરફાર તમારા આત્માને માટે હિતકારી થશે એમ મને લાગે છે. પત્ર મનન કર્યો છે. અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ એમ સાતકર્મની પ્રકૃતિની મુખ્ય ગ્રંથિ છે. તેને ભેદવાથી જીવ સમ્યક્‌દર્શનને પામે છે. આ સાત પ્રકૃતિ જેમ મંદ થતી જાય તેમ ગ્રંથિ પોચી પડતી જાય છે. અને જીવ 'સમતા' બળ વડે તેનો છેદ કરી શકે છે. આ ગ્રંથિમાં મુખ્યપણે અનંતાનુંબંધી કષાયની પ્રકૃતિ ઊભી ન થાય તેવો પુરુષાર્થ કરવાથી, તે મંદ પડતી જાય છે અને છેવટે ક્ષય થતાં તે જ સમયે મિથ્યાત્વની પ્રકૃતિ નાશ પામે છે અને સમ્યગ્‌દર્શન પ્રગટે છે. અનંતાનુબંધી કષાય પરેશાન ન કરે તે માટે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની જરૂર પડે છે, તે સાથે સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રની શ્રદ્ધા અતૂટ બનતી જાય તેમ અનંતાનુબંધ મોળી પડવા માંડે છે, પણ આ માટે સતત પુરુષાર્થ કરવામાં આવે તો આત્મસ્વરૂપની પ્રાપ્તિ-સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થઈ જાય તેમ જ્ઞાનીઓએ કહ્યું છે.

હવે અનંતાનુબંધી કષાય વિષે વિચારણા કરીએ :– જે કષાય પરિણામથી અનંત સંસાર પરિભ્રમણ કરવો પડે તે સ્થિતિ નિર્માણ થાય તેને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા આપવામાં આવી છે. જે કષાયમાં તન્મયપણે અપ્રશસ્ત ભાવે તીવ્ર ઉપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં અનંતાનુબંધીનો સંભવ છે. મુખ્ય કરીને અહીં કહ્યાં છે, તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છે - સત્‌દેવ, સદ્‌ગુરુ, સત્યધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય તથા વિમુખભાવ થાય એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતા અનંતાનુબંધી કષાય સંભવે છે અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઈચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે તે પરિણામે પ્રવર્તતાં પણ અનંતાનુબંધી હોવા યોગ્ય છે. (વ.પ. ૬૧૩)

ઉદયથી અથવા ઉદાસભાવ સંયુક્ત મંદ પરિણતિથી, ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે, પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર તન્મયપણે પ્રવૃત્તિ થાય ત્યાં જ્ઞાનીની આજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગ પ્રવૃત્તિ સંભવે. જ્યાં નિર્ધ્વંશ પરિણામ કહ્યાં છે, તેવા પરિણામ વર્તે ત્યાં પણ અનંતાનુબંધી સંભવે.

તેમજ 'હું સમજું છું' 'મને બાધ નથી' એવાને એવા બફમમાં રહે અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે' અને વળી કંઈ પણ પુરુષત્વ કરે તો થઈ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવર્તના કરે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે. (પ.૬૨૨)

સંસારમાં પરિભ્રમણ કરાવનાર ક્રોધ, માન, માયા, લોભની ચોકડીરૂપ કષાય છે, તેનું સ્વરૂપ પણ સમજવા યોગ્ય છે. તેમાં પણ અનંતાનુબંધી કષાય છે તે અનંત સંસાર રખડાવનાર છે. તે કષાય ક્ષય થવાનો ક્રમ સામાન્ય રીતે ક્રોધ, માન, માયા, લોભ છે અને તેનો ઉદય થવાનો ક્રમ માન, લોભ, માયા, ક્રોધ, એ પ્રમાણે છે. (વ્યા.સા. ૧/૧૯૯). કષાયમાં મોટામાં મોટો બંધ અનંતાનુબંધીનો છે. જે અંતર્મુહૂર્તમાં ૪૦ ક્રોડા ક્રોડી સાગરોપમનો બંધ પાડે છે. તે અનંતાનુબંધી કષાયનું સ્વરૂપ એવી રીતે છે કે મિથ્યાત્વ મોહરૂપી રાજાને સૈન્યના મધ્યમાં રાખી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર તેની રક્ષા કરે છે. સંસારમાં રખડપાટ કરાવનાર કષાય છે, અને તેમા પણ અનંતાનુબંધીના ચાર યોધ્ધાઓ બહુ મારી નાંખે છે. આ ચારમાં પણ ક્રોધનો સ્વભાવ બીજા ત્રણ કરતાં કાંઈક ભોળો માલૂમ પડે છે; કારણ કે તેનું સ્વરૂપ સર્વ કરતાં વહેલું જણાઈ શકે છે. માટે ક્રોધને પહેલો ક્ષય કરી શકાય છે. (વ્યા.સા. ૧/૨૦૦). અનંતાનુબંધીનું માન કલ્યાણ થવામાં આડા સ્તંભરૂપ કહેલ છે. (ઉ.છા. ૪/૫૫.

૬૯૫) જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થવાથી તથા પ્રકારે અનંતાનુબંધી મોળા પડવાનો પ્રકાર બને છે. કે જે અનુક્રમે પરિક્ષીણપણાને પામે છે. (પ.૨૨૨)

જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધીમાંથી કોઈ પણ ઉદય થવા સંભવ છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય... જે સંસારને અર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ-ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી કષાય ઊભા થાય છે. વળી તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ-સત્‌દેવ-સત્‌ધર્મ પ્રત્યે અસત્‌ ગુર્વાદિકના આગ્રહથી, માઠા બોધથી આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમજ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે, એ જ અનંતાનુબંધી ક્રોધ,માન, માયા, લોભનો આકાર છે. (પ.૪૫૯)

'એ વસ્તુથી આત્મા અનંતકાળથી ભરપૂર રહ્યો છે. એમાં દૃષ્ટિ હોવાથી નિજ ગૃહ પર તેની યથાર્થ દૃષ્ટિ થઈ નથી. ખરી તો પાત્રતા, પણ હું એ કષાયાદિક ઉપશમ પામવામાં તમને નિમિત્તભૂત થયો એમ તમે ગણો છો, માટે મને એ જ આનંદ માનવાનું કારણ છે કે નિર્ગ્રંથશાસનની કૃપા પ્રસાદીનો લાભ લેવાનો સુંદર વખત મને મળશે એમ સંભવ છે. જ્ઞાનીદૃષ્ટ હોય તે ખરું.'

પ.કૃ. દેવ અહીં કહે છે કે જીવ અનંતકાળથી ગ્રંથિમાં જકડાયેલો રહ્યો છે. એ તરફ જ જીવની દૃષ્ટિ હોવાથી સ્વ-નિજ ઘર પર તેની સમ્યક્‌દૃષ્ટિ થઈ નથી તે માટે પાત્રતા જોઈએ, તે થઈ ન હોય ત્યાં સુધી આ ગ્રંથિ તોડવા માટે પુરુષાર્થ ન થઈ શકે. પાત્રતા માટે પ.કૃ. દેવ પત્રાંક ૯૫૪માં લખે છે કે,

મંદ વિષયને સરળતા, સહઆજ્ઞા સુવિચાર,
કરુણા કોમળતાદિગુણ પ્રથમ ભૂમિકા ધાર - ૯.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન, રાગ,
જગત ઈષ્ટ નહિ આત્મથી મધ્યપાત્ર મહાભાગ્ય - ૧૦.
નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહીં ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના પરમ યોગ જીત લોભ - ૧૧.

પ્રથમ પ્રકારની પાત્રતા ચોથા ગુણસ્થાનકે લઈ જાય, બીજા પ્રકારની પાત્રતા સાતમા ગુણસ્થાનકે લઈ જાય, અને ત્રીજા પ્રકારની પાત્રતા સાધકને ૧૦મા ગુણસ્થાનકના છેડા સુધી લઈ જાય, મોહનીયનો ક્ષય થતાં વીતરાગ બની ૧૨મા ગુણસ્થાનકે પહોંચી જાય.

જીવને સત્પુરુષનો જોગ થાય અને લક્ષ થાય, તો તે સહેજે યોગ્ય જીવ થાય; અને પછી સદ્‌ગુરુની આસ્થા હોય તો અનંતાનુબંધી કષાય જાય તેથી ગ્રંથિભેદ થાય, સમ્યગ્‌દર્શન પ્રગટ થઈ જાય. (ઉ.છા. ૧૦/પા. ૭૧૬) અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ મળ્યા નથી, નહીં તો નિશ્ચય છે કે, મોક્ષ હથેળીમાં છે. ઈષત્‌ પ્રાગભારા એટલે સિદ્ધ શિલા પર ત્યાર પછી છે એને સર્વ શાસ્ત્ર પણ સંમત છે. આ કથન ત્રિકાળ સિદ્ધ છે. (વ. ૫૫) પ.કૃ. દેવ આ પાત્રતા વિષેની વાત આ જ પત્રમાં લખતા જણાવે છે કે,

'જગતમાં સત્‌પરમાત્માની ભક્તિ-સત્‌ગુરુ-સત્સંગ-સત્શાસ્ત્રાધ્યયન, સમ્યક્‌દૃષ્ટિપણું અને સત્‌યોગ એ કોઈકાળે પ્રાપ્ત થયાં નથી. થયાં હોત તો આવી દશા હોત નહીં. પણ જાગ્યા ત્યારથી પ્રભાત એમ રુડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવું એ જ અનંતભવની નિષ્ફળતાનું એક ભલે સફળ થવું મને સમજાય છે.'

શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં જીવ તીર્થંકરના સમવસરણમાં જઈ આવ્યો છે. વીતરાગનો બોધ પણ સાંભળ્યો છે, પણ તે બોધને સમ્યક્‌પ્રકારે સમજીને, પોતાના કલ્યાણની વાત આમાં સમાયેલી છે, તે તરફ લક્ષ નહીં જવાથી તે વીતરાગથી કે જ્ઞાનીથી કે તેઓએ બતાવેલા માર્ગથી વંચિત રહી ગયો છે અને

તેથી અત્યાર સુધી પરિભ્રમણ ચાલુ રહ્યું છે. હવે સત્પુરુષનો-સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થયો છે તો તેમના બોધને સ્વીકારીને તે પ્રમાણે ચાલવા પુરુષાર્થ કરીએ તો ચોક્કસ ગ્રંથિભેદ કરી શકાય, અને અનંતભવો જે નિષ્ફળ ગયા છે તે આ ભવમાં સફળ થઈ જાય.

વળી આ પત્રમાં જ પ.કૃ. દેવ જણાવે છે કે, **'સદ્‌ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્‌પાત્રતા વિના એમ થવું અટક્યું છે. તેની પ્રાપ્તિ કરીને સંસારતાપથી અત્યંત તપાયમાન આત્માને શીતળ કરવો એ જ કૃતકૃત્યતા છે.'** આ મનુષ્યભવમાં સદ્‌ગુરુ મળ્યા છે. તેમનો ઉપદેશબોધ પણ મળ્યો છે. માર્ગ દર્શાવવા રૂપ કૃપા પણ કરી છે. તો હવે તે માર્ગ પ્રમાણે પુરુષાર્થ કરીને આ જન્મને સફળ કરવા માટે પુરુષાર્થી બની જવું જરૂરી છે કે જેથી બોધિબીજ પ્રગટાવી અનંત પરિભ્રમણને ટાળી શકાય. તેમજ આત્માને પોતાના મૂળ સ્વભાવ શાંતદશા રૂપ બનાવી શકાય તેવો યોગ વર્તી રહ્યો છે તેનો પૂરેપૂરો લાભ આ ભવમાં લઈ લેવા જેવો છે. નહી લઈએ તો આપણા જેવો મૂર્ખ બીજો કોણ હોઈ શકે.

વળી જેને પત્ર લખ્યો છે તેને કહે છે કે, **'એ પ્રયોજનમાં તમારું ચિત્ત આકર્ષાયું એ સર્વોત્તમ ભાગ્યનો અંશ છે. આશીર્વચન છે કે તેમાં તમે ફળીભૂત થાઓ, ભિક્ષા સંબંધી પ્રયત્ન હમણાં મુલતવો. જ્યાં સુધી સંસાર ભોગવવો નિમિત્ત હશે તેમ ભોગવવો પડશે. તે વિના છૂટકો પણ નથી. અનાયાસે યોગ્ય જગા સાંપડી જાય તો તેમ, નહીં તો પ્રયત્ન કરશો. ભિક્ષાટન સંબંધી યોગ્ય વેળાએ પુનઃ પૂછશો. વિદ્યમાનતા હશે તો ઉત્તર આપીશ.'**

દીક્ષા લેવાની વાત લખી હશે તેનો જવાબ અહીં આપેલ છે. દીક્ષા લેવી જરૂરી છે, પણ જ્યાં સુધી પાત્રતા-યોગ્યતા ન આવી હોય ત્યાં સુધી તે ઉપકારી થતી નથી એમ જણાય છે. ભાગવતી દીક્ષાનો અર્થ છે, ભગવાન સ્વરૂપ પોતાના આત્માને કર્મથી રહિત બનાવવાનો પુરુષાર્થ સમ્યક્‌પ્રકારે કરવો તે. પણ હજી યોગ્યતા નહીં જણાતી હોય તેથી આમ લખ્યું જણાય છે.

આ પત્રમાં આગળ લખતા જણાવે છે કે, **'ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતર સંશોધન કોઈક મહાભાગ્ય સદ્‌ગુરુ અનુગ્રહે પામે છે.'**

આ વિષે વિચારણા કરીએ – ધર્મ એટલે શું ? 'આત્મ પરિણામની સહજ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે. (પ.૫૬૮). ધર્મ તેનું નામ આપી શકાય કે જે ધર્મ થઈને પરિણમે. (પ.૨૦૭). ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો સત્પુરુષોનો ઉપદેશ છે. ધર્મને પહેલાં મૂકવાનો હેતુ એટલો જ છે કે અર્થ અને કામ એવાં હોવાં જોઈએ કે 'ધર્મ' જેનું મૂળ હોવું જોઈએ. (પ.૯૭). જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, જે જ્ઞાનીપુરુષો ભાવિકાળને વિષે થશે તે સર્વ પુરુષોએ 'શાંતિ'ને સર્વ ધર્મનો આધાર કહ્યો છે. (પ.૪૮૬). વળી ધર્મ તેને કહી શકાય કે જે હર્ષ-શોક વખતે હાજર થાય. અર્થાત્‌ હર્ષ વખતે હર્ષમાં ન જવા દે અને શોકના પ્રસંગમાં શોકમાં ન જવા દે તેનું નામ ધર્મ છે અને તે પરિણમેલો છે તેમ કહેવાય. વળી આ ધર્મ જીવાત્મા જ્યારે અપૂર્વપણે અંતરમાં અંતર્મુખતા પ્રાપ્ત કરી તેને શોધશે, ત્યારે તે પ્રાપ્ત થશે અને તે માટે પ્રત્યક્ષ જ્ઞાનીના માર્ગદર્શનની જરૂર પડશે તે નિમિત્ત કારણ છે.

વળી આગળ લખતાં જણાવે છે કે, **'તમારા વિચારો સુંદર શ્રેણીમાં આવેલાં જોઈ મારા અંતઃકરણે જે લાગણી ઉત્પન્ન કરી છે, તે અહીં દર્શાવતાં સકારણ અટકી જાઉં છું.'** પોતાની વાત અહીં કહેતાં ખચકાય છે, કારણ કે સામેનો જીવ પકડી કે સમજી શકે તેવી સ્થિતિ નહીં જણાતી હોય. **'ચિ. દયાળભાઈ પાસે જશો. કંઈ દર્શાવે તો મને જણાવશો. લખવાં સંબંધમાં હમણાં કંઈક મને કંટાળો વર્તે છે. તેથી ધાર્યો હતો તેના**

આઠમા ભાગનો પણ ઉત્તર લખી શકતો નથી.' - અહીં તેઓ જેટલું વિસ્તારથી લખવા ધારતા હતા તેટલું લખી શકાયું નથી. છતાં પણ જેટલું લખાણ આવ્યું છે તેના પર વિચારણા કરવાથી આપણને આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે માર્ગદર્શન મળી રહે તેમ છે. આગળ પત્રના અંતે લખતાં જણાવે છે કે,

'છેવટની આ વિનયપૂર્વક મારી શિક્ષા ધ્યાનમાં રાખશો કે :— એક ભવના થોડા સુખ માટે અનંતભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.' આ વાતને આપણા અંતરમાં ઉતારી નવાકર્મનું બંધન ન થાય તેમ વર્તવાની ભલામણ કરે છે. **'સ્યાત્પદ આ વાત પણ માન્ય છે કે 'બનનાર છે તે ફરનાર નથી, અને ફરનાર છે તે બનનાર નથી, તો પછી ધર્મ પ્રયત્નમાં, આત્મિક હિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ? આમ છે છતાં દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઈએ.'**

જે વાક્ય લખેલ છે તે યોગ્ય લાગે છે, કારણકે જે કાંઈ ઉદય પ્રમાણે બનવાનું છે તે બનશે જ અને નહીં બનવાનું હોય તે નહીં બને. માટે આ વાત ધ્યાનમાં રાખી આત્મહીત સાધવામાં પ્રમાદી થઈ જવું તે બરાબર ન ગણાય માટે પુરુષાર્થી બની આગળ વધતા રહેવું, તો દેશ, કાળ, પાત્ર અને ભાવ અનુકુળ થતા રહેશે એમ લાગે છે.

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો' — એમ ઇચ્છી વળતી ટપાલે પત્ર લખવા વિનંતી કરી પત્રિકા પૂરી કરું છું.

લિ. માત્ર રવજી આત્મજ રાયચંદના પ્રણામ -
નીરાગ શ્રેણી સમુચ્ચયે.'

લૌકિક દૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું
તો પછી અલૌકિકદૃષ્ટિએ કોણ પ્રવર્તશે ?

— શ્રીમદ્ રાજચંદ્ર

૧૯૮૦ માં પરમ પૂજ્ય બાપુજીએ 'મોહ ત્યાગ અષ્ટક' સ્વાધ્યાયમાં લીધો ત્યારે એટલે કે ૩૩ વર્ષ પહેલાં લખાયેલું પદ છે.

આ મનમાં મોહ મિથ્યાત્વ ભર્યા,
તે મોહથી જન્મમરણ મેં કર્યા. (૨)
આ મનનું મિથ્યાત્વ દૂર કરી,
લઈ જાઓ પ્રભુ તમે શિવપુરી. (૨)

૧. આ વર્ષો ગાળ્યાં તે વ્યર્થ જાણી,
સાચો મારગ તો તુમ તણી;
પગલાં ઊપડ્યાં છે ગુરુ ભણી,
ચરણે રાખો પ્રભુ અરજ સુણી. (૨)
આવી છુ હું જગ ને વિસરી,
કેવળ તુજમાં પ્રભુ શ્રદ્ધા કરી. (૨)
આ મનમાં મોહ.....

૨. મારું મારું કરી ભાન ભૂલી,
ઘર સંબંધોના ઝૂલામાં ઝૂલી;
માન અભિમાનથી ગઈ છું ફૂલી,
પ્રભુ આપ થકી ગઈ આંખ ખૂલી.(૨)
હવે રાખું સદા હું તુજને સમીપ,
જેમ રહે છે સાચાં મોતી ને છીપ. (૨)
આ મનમાં મોહ.....

૩. આ દેહની મૂર્છા માંથી હટી,
કારણ તે દેહ તે હું નથી;
હવે આતમ-ભાવના નિત્ય ભાવું,
સુખ-શાંતિ અનુપમ અનુભવું. (૨)
આપને પૂજીને ધન્ય થઈ,
ન અહમ્ ન મમ્ થી તરી ગઈ. (૨)
આ મનમાં મોહ.....

એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર

''જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે.''

પ.પૂ. ભાઈશ્રીની નિશ્રામાં દર મહિને એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર યોજવામાં આવે છે. આ શિબિરોથી સાધકના જીવનમાં આમૂલ પરિવર્તન સર્જાતું હોય છે અને સાથે સાથે સાધનામાં પણ ખૂબ જ પ્રગતિકારક પરિણામ જોવા મળે છે.

એપ્રિલ - ૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર : ૬૯

એપ્રિલ માસમાં તા. ૨-૪-૨૦૧૪ થી તા.૬-૪-૨૦૧૪ સુધી એકાંત મૌન આરાધના શિબિર-૬૯ તથા આરાધના શિબિર યોજવામાં આવેલ. એકાંત મૌન આરાધના શિબિરમાં કુલ ૫૭ સાધકોએ ભાગ લીધો, જેમાં ઉચ્ચ શ્રેણીના ૧૪ સાધકો, ચિંતનમાં એક સાધક, પૂર્ણપ્રાપ્તિના ૨૬ સાધકો અને અર્ધપ્રાપ્તિના ૧૬ સાધકોએ ભાગ લીધો.

આરાધના શિબિરમાં ૨૨ સાધકો હતાં, જેમાં ઉચ્ચ શ્રેણીના ૨ સાધકો, ચિંતનના ૨ સાધકો, પૂર્ણપ્રાપ્તિના ૮ સાધકો હતાં અને અર્ધપ્રાપ્તિના ૧૦ સાધકો હતાં, જેમાંથી રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૧૩ સાધકો હતાં.

એકાંત મૌન શિબિરના પ્રશિક્ષણમાં **પ.પૂ.ભાઈશ્રીનો વિષય પૂજ્ય ન્યાય વિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર' પુસ્તકમાંથી 'મોહત્યાગઅષ્ટક'** વિષય હતો. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય જે સર્વ આધ્યાત્મિક સાધકોને જીવનમાં ઉતારવો અતિ અતિ આવશ્યક હોવાથી ખૂબ જ સરળતાથી જીવનના સર્વ દૃષ્ટિકોણથી, જીવનના જ દાખલાઓ આપી તથા કથાઓ દ્વારા સમજાવેલ. સર્વ સાધકોને થઈ આવેલ કે જ્યાં સુધી મારામાં મોહ હશે ત્યાં સુધી આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકીશ નહીં જ.

આરાધના શિબિરમાં બીજા પ્રશિક્ષણમાં **પ.પૂ.બ્ર.નિ. રસીકભાઈનો વિષય પૂજ્ય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત 'અધ્યાત્મ ઉપનિષદ્' ભાગ–૧ પુસ્તકમાંથી શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારના પાંચ શ્લોકોનો** સ્વાધ્યાય કરાવેલ.

આ શિબિરમાં વિવિધ ક્ષેત્રો–લંડન, યુ.એસ.એ., દુબઈ, મુંબઈ, કલકત્તા, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભૂજ, પેટલાવદ, પૂના, કૃષ્ણનગર, બોટાદ, સુરેન્દ્રનગર, સાયલાથી મુમુક્ષુઓ આવેલ.

એકાંત મૌન આરાધના શિબિર, એપ્રિલ-૨૦૧૪ના સાધકોની ફળશ્રુતિ

★ આ શિબિરનાં બધાં ધ્યાનો પ્રેમ-ઉત્સાહપૂર્વક થયેલ. અમુક અમુક ધ્યાનોમાં તો ચિંતન કરતાં કરતાં ઉપયોગ સાધન ઉપર એવો તો સ્થિર થઈ જતો ત્યારે ચિંતન પણ અટકી જતું તેનો ખ્યાલ પણ રહેતો નહીં અને કેવળ આનંદ સ્વરૂપનું જ વેદન અનુભવાતું. ત્યારે તો અંદરથી થઈ આવતું કે આ જ આત્માનું વેદન છે. ત્યારે આત્મા સિવાય કાંઈ પણ અન્ય રહેતું જ નહીં. આવી સ્થિતિ અવાર નવાર ધ્યાનમાં થઈ આવતી. આ શિબિરથી જણાય છે કે મારી દશા ખૂબ ખૂબ ઊંચી આવતી જાય છે. બાકી જ્ઞાની ગમ્ય. **– ઉચ્ચ શ્રેણી**

★ એકાંત મૌન આરાધના શિબિર ભરવાથી આનંદ આવે છે. તા. ૪-૪-૧૪ ના બીજા ધ્યાનમાં વેદકતા લક્ષણનું ચિંતન કરતાં કરતાં ઉપયોગ સૂક્ષ્મ થતાં થતાં અંદરમાં ઊતરી જતાં સ્વનો અનુભવ થયો હોય તેમ જણાયું. આથી આત્માનો નિશ્ચય બળવાન થતો જાય છે. **– ઉચ્ચ શ્રેણી**

★ ધ્યાનમાં ચિંતન કરતાં સ્થિરતા તથા શાંતિનો અનુભવ થાય છે. ચિંતન ગાઢું થાય ત્યારે ચિંતનમય થઈ જવાય તો જાણે શરીર જ નથી માત્ર હું સાધક સ્વભાવ જીવતો જાગતો પ્રતીતિમાં આવે. ચિંતન અટકે ત્યારે જાગૃતિ બરાબર હોય અને જાણનાર સ્થિર ત્યાં જણાય. આ વખતે સ્થિરતાનો ગાળો થોડો વધ્યો હોય તેમ લાગ્યું. **– ઉચ્ચ શ્રેણી**

★ આ વખતની શિબિર તો ઘણી જ સારી રહી. શિરમોર સમી સાધનામાં જે જે વિકલ્પો રહેતા હોય તે બધા જ વિકલ્પો દૂર થઈ ગયા છે અને દેહ અને આત્મા (જડ-ચૈતન્ય) બે ફાડ જુદા જુદા અનુભવી શકાય છે. **– ઉચ્ચ શ્રેણી**

★ આ વખતની શિબિરમાં આસન સ્થિરતા તથા એકાગ્રતાની સાથે સાથે સ્થિરતાનો પણ અનુભવ સારો થયો. લગભગ અત્યાર સુધી થયેલાં ધ્યાનોમાંથી છેલ્લાં આઠેક ધ્યાનમાં ઉપયોગની તીક્ષ્ણતા અને સૂક્ષ્મતા થતાં એક ધ્યાનમાં તો ત્રણ-ચાર વાર સ્થિરતા થોડીક સેંકડોથી લઈ મિનિટ બે મિનિટની રહી. છેલ્લાં બે ધ્યાનમાં તો છ-સાત વખત આવી સ્થિરતા આવી. જાણે આત્માના પ્રદેશો એકદમ શાંત થઈ ગયા હોય તેમ શાંતિનો અનહદ અનુભવ પણ થયો. **– પૂર્ણપ્રાપ્તિ**

★ ધ્યાન દરમ્યાન અવનવા અનુભવો થયેલ હતા. લક્ષ્ય બિન્દુ પર મનને સ્થિર કરવાના પ્રયત્નો ચાલુ રાખેલ. વિચારોનો પ્રવાહ ચાલુ રહેતો હતો પરંતુ જાગૃતિના કારણે એમાં ભળી ન જવાય એની તકેદારી રાખેલ હતી. ગમે તેવા વિચારો આવતા હતા તો પણ એમાં રાગ અથવા દ્વેષ ન થઈ જાય એ વિષે પુરુષાર્થી રહેલ. પરિણામે વિચારોનો પ્રવાહ મંદ થતો ગયેલ. ધ્યાન દરમ્યાન એકાદ મિનિટ માટે મન લક્ષ્ય બિન્દુ પર સ્થિર રહેવા લાગેલ. આવું ધ્યાન દરમ્યાન લગભગ એકાદ વખત થયું. **– પૂર્ણપ્રાપ્તિ**

★ ધ્યાનની સાધનામાં આ શિબિરમાં ધારી પ્રગતિ થઈ છે. સંસારના પુદ્‌ગલ ભાવો પ્રત્યે ઉદાસીનતા આવી છે. ભૌતિકતાનું આકર્ષણ પણ ધીમે ધીમે અલ્પ થતાં આત્મભાવ પ્રત્યે સજાગતા આવી છે. મારા માટે ઉપાદેય શું છે ? અને હેય શું છે ? તેની સમજ આ શિબિરથી ઘણી પ્રગટ થઈ છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ इस शिबिर में भी मुझे अच्छी प्रोग्रेस अनुभव हो रही है । ध्यान साधना में विचार एकदम अत्यन्त कम हो गये हैं । स्थिरता भी अच्छी अनुभव हो रही है, स्थिरता का समय गाला बढ रहा है । अैसा अनुभव हो रहा है, के इस भूमि पर ज्ञानी पुरुषों के परमाणु स्थित है । **– पूर्णप्राप्ति**

★ શિબિર ભરવાથી મને ઘણો જ ફાયદો થાય છે. દૃષ્ટાભાવ વધારે કેળવાય છે. દેહ અને આત્મા ભિન્ન છે એ વધારે દૃઢ થાય છે પરંતુ અમારા ક્ષેત્રમાં જઈને નિમિત્ત મળતાં ભૂલી જઈએ છીએ કે હું દેહ નહીં પણ આત્મા છું. અહીં રહીને હું આ નિશ્ચય વધારવાનો પ્રયત્ન કરું છું જેથી દરેક કર્મના ઉદય વખતે હું આત્મા છું એમ યાદ રહે. ધ્યાનમાં ક્યારેક મન શાંત થઈ સ્થિર થાય ત્યારે થોડીવાર સ્થિરતા રહે છે. **– અર્ધપ્રાપ્તિ**

★ શિબિર દરમ્યાનના ધ્યાનમાં ઘણી પ્રગતિ જણાય છે. વિચારોને આવતા અને જતા જાણે જોઈ શકાય છે. સ્થિરતા જો કે હજુ તો ક્ષણિક લાગે છે પણ આગળ વધાશે એવો વિશ્વાસ થયો છે. **– અર્ધપ્રાપ્તિ**

મે - ૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર : ૭૦

મે-૨૦૧૪ની એકાન્ત મૌન આરાધના શિબિર - ૭૦ મે માસમાં તા.૧-૫-૧૪ થી ૫-૫-૧૪ સુધી એકાંત મૌન આરાધના તથા આરાધના શિબિર યોજવામાં આવેલ.

એકાંત મૌન આરાધના શિબિરમાં કુલ ૩૩ સાધકોએ ભાગ લીધેલ જેમાં ઉ.શ્રે.ના ૮ સાધકો ચિંતનનો ૧ સાધક, પૂ.પ્રા. ના ૧૨ સાધકો, અ.પ્રા.ના ૧૨ સાધકો હતા.

આરાધના શિબિરમાં કુલ ૧૦ સાધકો હતા જેમાં ઉ.શ્રે.ના ૨ સાધકો. પૂર્ણપ્રાપ્તિના ૩ સાધકો અને અર્ધપ્રાપ્તિના ૫ સાધકો હતા. જેમાંથી રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૭ સાધકો હતા.

એકાન્ત મૌન શિબિરના પ્રશિક્ષણમાં પ.પૂ.ભાઈશ્રીનો વિષય **શ્રી રત્નશેખર સૂરિ કૃત 'ભવ વૈરાગ્ય શતક'** હતો. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય જે સર્વ સાધકોને વૈરાગ્ય લાવવો આવશ્યક હોવાથી ખૂબ જ સરળતાથી તથા કથાઓ દ્વારા સમજાવેલ. સર્વ સાધકો ને થઈ આવ્યું કે જ્યાં સુધી મારામાં વૈરાગ્ય નહીં આવે ત્યાં સુધી આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકાશે નહીં.

આરાધના શિબિરમાં પ.પૂ.ભાઈશ્રીનું એકાંત મૌન આરાધના શિબિરનું જ પ્રશિક્ષણ તે જ સમયે કલ્યાણ હોલમાં ટી.વી. વિડિયો દ્વારા લાઈવ ટેલીકાષ્ટથી આરાધના શિબિરના સાધકોને જોવા-સાંભળવા મળેલ.

આરાધના શિબિરમાં બીજા પ્રશિક્ષણમાં પ.પૂ.બ્ર. રસિકભાઈનો વિષય **શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત 'યોગ-દૃષ્ટિસમુચ્ચય'** હતો.

આ શિબિરમાં વિવિધ ક્ષેત્રો જેવાં કે યુ.એસ.એ., મુંબઈ, પૂના, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર, ઈન્દોર, વલસાડ, કોટા, સાયલા વિગેરેમાંથી આવેલા સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિર, મે-૨૦૧૪ના સાધકોની ફળશ્રુતિ

★ એકાન્ત મૌન શિબિરમાં ભાગ લેવાથી સાધના આગળ વધતી જણાય છે. ચિંતન કરતાં કરતાં એક ધ્યાનમાં જાગૃતિ સાથે અંતર્મુખપણું થતાં ચિંતન છૂટી ગયું અને ઉપયોગ તથા મન બન્ને આત્મા સાથે મળી ગયેલાં જણાયાં અને એ જ હું એમ ભાવ-ભાસન થયું ત્યાર પછી થોડા સમય સુધી આમ સ્થતિ રહી. **– ઉચ્ચ શ્રેણી**

★ આ શિબિર દરમ્યાન ઘણાં બધાં ધ્યાનોમાં આ જીવને અપૂર્વ આનંદનો લાભ થયેલ. બધાં ધ્યાનોમાં એકાગ્રતાપૂર્વક ચિંતન થતું હોય અને એકાએક ચિંતન બંધ થઈ જાય અને પોઈન્ટ ઉપર ઉપયોગ એવો સ્થિર થઈ ગયો હોય કે ત્યારે કાંઈ ન હોય કેવળ અપૂર્વ આનંદનું જ વેદન થયા કરતું હોય. આ આનંદ સ્થિરતા થવાના હિસાબે ક્યારેય ન ભોગવ્યો હોય તેવો અપૂર્વ આનંદ વેદાતો હતો. આજ આત્માનું વેદન કહો કે આત્માનો અનુભવ તેમ અંદર થઈ આવેલ. આવી અદ્‌ભુત દશા કાયમને માટેની થઈ જાય તેવું ભગવાન આત્મા પાસે માંગું છું. **– ઉચ્ચ શ્રેણી**

★ શિબિરમાં ૬ ધ્યાન થાય છે. મનની એકાગ્રતા વધતી જાય છે. ઉપયોગ અંતર્મુખ રહી આત્મા સાથે એકાકાર થઈ જતો હોય તેવું લાગે છે. તેથી અપૂર્વ શાંતિ અને આનંદ અનુભવાય છે. બહારના અવાજથી ધ્યાનમાં કોઈ વિક્ષેપ થતો નથી. ક્યારેક ચિંતન અટકી જાય ત્યારે વધારે આનંદ આવે છે. **– ઉચ્ચ શ્રેણી**

★ શિબિર દરમ્યાન આધ્યાત્મિક વિકાસનાં તમામ પાસાંઓને આવરી લેતું સુયોગ વાતાવરણ તેમજ સમૂહ સાધનાના સાત્ત્વિક તરંગોથી ઉત્તરોત્તર આધ્યાત્મિક ઉન્નતિ થતી જ જાય છે. સાનુકૂળ દિવ્ય વાતાવરણથી

ધ્યાનમાં પણ જાગૃતપણે સૂક્ષ્મપણે સ્થિરતા વધતી જ અનુભવાય છે. શિબિર દરમ્યાન ધ્યાન ભઠ્ઠીમાં અનંત કર્મોના આવરણોને ભસ્મીભૂત કરી આત્માને વધુ ને વધુ હળવો બનાવવાનો અતિ દુર્લભ અવસર પણ મહાભાગ્યે પ્રાપ્ત થાય છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ આ એકાંત મૌન શિબિરમાં ધ્યાનનાં પરિણામ સુધરતાં ગયાં. દ્રષ્ટા રહેવાનો વધુમાં વધુ અભ્યાસ થતો ગયો. દિવસ દરમ્યાન પણ દ્રષ્ટા રહેવાનો પ્રયત્ન થતો ગયો. પ્રવૃતિ ક્ષેત્રે પણ દિવસ દરમ્યાન દ્રષ્ટા રહેવાનો પ્રયત્ન ચાલુ જ રાખું છું. મૌન રહેવું ગમે છે. એક શબ્દથી કામ પતતું હોય તો બીજો શબ્દ બોલવો ગમતો જ નથી. જે ધ્યાનમાં શરીર સ્થિર થઈ જાય છે ત્યારે શ્વાસોશ્વાસ મંદ થઈ જાય છે. સુધારસ પણ ખૂબ જ આવતો હોય છે અને ધ્યાનમાં શાંતિ અને આનંદ-આનંદ અનુભવાય છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ આ શિબિર દરમ્યાન સાધનામાં પ્રગતિ લાગે છે. ધ્યાનમાં બેસું કે તરત જ લક્ષબિંદુ પર દ્રષ્ટિ સ્થિર થઈ જાય છે. વિચારો ઘણા ઓછા આવે છે અને સાધન પર રહી દ્રષ્ટા રહેવાય છે. થોડીવાર માટે લક્ષબિંદુ અદશ્ય થઈ જાય છે અને પાછાં દેખાય છે. વૃત્તિ બહાર જાય તો જાગૃતિપૂર્વક ધ્યાન કરતી હોવાથી પાછા વાળી લઉં છું. આની અસર દિવસ દરમ્યાન પણ રહે છે. શાંતિ અને આનંદ વેદાય છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ આ શિબિર દરમ્યાન ધ્યાનમાં ઘણો સુધારો જણાયો. નિજ નિવાસે ધ્યાનની લય જે ઢીલી પડી જાય છે તેને શિબિરમાં મજબૂત કરવાનો ઉત્તમ માર્ગ મળી જાય છે. ત્રીજા દિવસનું અંતિમ ધ્યાન તો ખરેખર અદ્‌ભુત રહ્યું. મનમાં જાણે એક અખંડ નાદ ગુંજતો રહ્યો. બસ આવી લય નિજનિવાસે પણ ચાલુ રહે એવા આશીર્વાદ આપો. **– અર્ધપ્રાપ્તિ**

★ આ શિબિરમાં મને બહુ જ લાભ થયો છે. મને પોતાને લાગતું હતું કે હું ધ્યાનમાં ક્યાંક અટવાયો છું તેની મને ખબર નહોતી પડતી. આ શિબિરમાં મેં પૂ.બ્ર.શ્રી રસિકભાઈ સાથે ઘણી લાંબી ચર્ચા કરી; તેમના થકી મને સ્પષ્ટ ખબર પડી કે હું ક્યાં રોકાયો હતો. પછી પ.પૂ.શ્રી ભાઈશ્રીના પ્રશિક્ષણમાંથી પૂરી ચોખવટ થઈ ગઇ ને તેના લીધે મારાં ધ્યાનોમાં ફેર આવ્યો. બધા જ જ્ઞાનીઓ કહી ગયા છે કે પ્રત્યક્ષ સદ્‌ગુરુ તો જોઈએ જ. એ જ રસ્તો બતાવશે. એ જ મધ્યધારમાં અટકેલી નૈયાને પાર લગાવશે.આ મારો અનુભવ છે.

– અર્ધપ્રાપ્તિ

★ કુદરતી શાંત વાતાવરણમાં રહીને એકાંત સાધના કરવાનો લાભ શિબિરમાં મળવાથી કુદરતી શાન્ત અને એકાંત વાતાવરણની મન ઉપર અસર પડે છે. શાંત વાતાવરણમાં સાધનાને બળ મળે છે - વેગ મળે છે. સાધના સારી થાય છે. આવી રીતે સાધના કરવાનો લાભ મળ્યા કરે એવી ભાવના અંતઃકરણમાં રહ્યા કરે છે. આવી સાધના કરવાનો લાભ મળવાથી મનને આનંદ થાય છે. સાધનાની રુચિ વધે છે.

– અર્ધપ્રાપ્તિ

જૂન-૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર - ૭૧

જૂન માસમાં તા. ૨૩-૬-૧૪ થી ૨૭-૬-૧૪ સુધી એકાંત મૌન આરાધના તથા આરાધના શિબિર યોજવામાં આવેલ.

એકાંત મૌન આરાધના શિબિરમાં કુલ ૫૧ સાધકોએ ભાગ લીધેલ જેમાં ઉ.શ્રે.ના ૧૧ સાધકો, ચિંતનના

૧ સાધક, પૂ.પ્રા.ના ૨૬ સાધકો અ.પ્રા.ના ૧૩ સાધકો હતા.

આરાધના શિબિરમાં કુલ ૨૦ સાધકો હતા જેમાં ઉ.શ્રે.ના ૪, ચિંતનના ૧, પૂર્ણપ્રાપ્તિના ૪ સાધકો અને અર્ધપ્રાપ્તિના ૧૧ સાધકો હતા. જેમાંથી રાજમાર્ગ યોગા રોહણમાં જોડાયેલા ૧૧ સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિરના પ્રશિક્ષણમાં પ.પૂ.ભાઈશ્રીનો વિષય. **'વિરાગ વેલડી' મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ રચિત વૈરાગ્યકલ્પતા ગ્રંથના પ્રથમ ૨૬૯ શ્લોક લીધેલ** જેનો ભાવાનુવાદ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજે કરેલ છે. પ.પૂ.ભાઈશ્રીએ આ વિષય ખૂબ જ સરળતાથી બધાય સાધકો સમજી શકે તેવી સરળ ભાષામાં કથાઓ સહિત સમજાવેલ જેથી સર્વ સાધકો ઉલ્લસિત થઈને વૈરાગ્ય માર્ગે ચાલવાના ભાવ વાળા થઈ આવેલ.

આરાધના શિબિરમાં બીજા પ્રશિક્ષણમાં પ.પૂ.બ્ર.રસિકભાઈનો વિષય **'સાધક સાધના'** હતો; જે તેઓએ ખૂબ જ સૂક્ષ્મતાથી બધા સાધકો સમજી શકે તેમ લીધેલ.

આ શિબિરમાં વિવિધ ક્ષેત્રો જેવાં કે યુ.એસ.એ., લંડન, નૈરોબી, મુંબઈ, અમદાવાદ, વડોદરા, ઈન્દોર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભૂજ, સાયલા અને કિષ્નનગરથી આવેલ હતા.

એકાંત મૌન આરાધના શિબિર, જૂન-૨૦૧૪ના સાધકોની ફળશ્રુતિ

★ એકાંત મૌન શિબિરમાં ભાગ લેવાનો આનંદ આવે છે. એક ધ્યાનમાં લક્ષનું ચિંતન કરતાં કરતાં ગાઢ ચિંતનમાં ઊતરી જતાં બાહ્યથી જુદાં પડી જતાં - ક્ષણ માટે શરીરથી ભિન્નતા જણાઈ અને પોતાના અનુભવની ઝાંખી સ્પર્શ થયો તેમ લાગ્યું. **— ઉચ્ચ શ્રેણી**

★ કષાયના નિરીક્ષણથી ઘણો જ ફાયદો થયો. જાગૃતિ વધી. વૃત્તિઓ બહાર જઈને કેવા કેવા વિચારો કરે છે તે જાગૃતિથી તરત પકડાય છે. મારે આ કરવાનું નથી - પાછું વળાય છે. બંધાતાં કર્મો પર નિયંત્રણ આવે છે. સંસારમાં થોડી જવાબદારી કર્મને લઈને વધારે છે ત્યાં જાગૃતિ રાખી સમભાવની સાધના કરતાં ઘણો ફાયદો થાય છે. કષાયથી બચ્યાં પછી શાંતિ લાગે છે. **— ઉચ્ચ શ્રેણી**

★ ધ્યાનમાં શિબિરથી ઘણો ફાયદો થાય છે. એકાંત અને મૌન હોવાથી ઉપયોગ લક્ષબિંદુ પર વધુ સમય રહે છે ત્યારે જુદાપણું અનુભવાય છે. ચિંતન ગાઢું થાય છે. જ્યારે ચિંતન કરતાં અટકી જવાય તો ખૂબ જ શાંતિ અને આનંદ લાગે છે. જાગૃતિ બરાબર રહે છે. ક્યારેક તો જાણે શરીર જ ન હોય તેમ લાગે છે - એકદમ હળવાશ લાગે છે. જાણનાર સાધક સ્વભાવની પ્રતીતિ ઘણીવાર સુધી રહે છે. **— ઉચ્ચ શ્રેણી**

★ એકાંત મૌન શિબિર દરમ્યાન ધ્યાનના સઘન અભ્યાસથી સ્થિરતાનાં પરિણામો સુધરતાં જાય છે. અંતર્મુખ લક્ષ્ય રાખવાનો અભ્યાસ પણ સઘન બનતો જાય છે. સ્વ-અવલોકનના અભ્યાસથી સ્વયંની સૂક્ષ્મ કમી-કમજોરી પણ શોધીને તેને દૂર કરવાનો પુરુષાર્થ શક્ય બનતો જાય છે. ગૃહસ્થ જીવનમાં પણ દરેક વર્તન-વ્યવહારમાં જાગૃતિ વધતી જાય છે. આ બધું શિબિરની સઘન સાધનાને જ આભારી છે. **— પૂર્ણપ્રાપ્તિ**

★ શિબિર ભરવાથી સમતાનો ભાવ - સમભાવ સારી રીતે સધાતો જાય છે. ગમે તેવાં નિમિત્તો આવે તો પણ તેમાં રતિ-અરતિ ન થાય એ માટે જાગૃતિ કેળવવાનો પુરુષાર્થ થઈ શક્યો. ધ્યાનમાં પણ લક્ષ્યબિંદુ પર

આશરે એકાદ મિનિટની સ્થિરતાનો અનુભવ થયેલ. અંતર્મુખતા વધારવા પુરુષાર્થ કરેલ છે. ધ્યાન દરમ્યાન આનંદ આનંદ થઈ જાય છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ ધ્યાનમાં દૃષ્ટિ સાધન પર સ્થિર થઈ જાય છે અને થોડીવાર માટે એકદમ લીન થઈ જવાય છે. હું ક્યાં છું ? શરીર હળવું ફૂલ જેવું લાગેલ. જાગૃતિ રહે છે. લક્ષ્યબિંદુ પર રહી વિચારોના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાય છે. સ્થિરતા થોડી વધતી જણાય છે. ઉપયોગ બહાર જાય તો પાછું તરત જ વળી જવાય છે. ધ્યાન કરવું ગમે છે. કંટાળો આવતો નથી. **– પૂર્ણપ્રાપ્તિ**

★ I was really looking forword to these 5 days to get my sadhana back on track. These 5 days have been extremely fruitful. I always say this but I was able to follow a lot more in the 'prasikshan'. (પ્રશિક્ષણ) When I would read the 'shlok' later in the day, your voice would play in my head, filling in the gaps where I did not understand. **– અર્ધપ્રાપ્તિ**

★ એકાંત મૌન શિબિર ભરતાં ભરતાં મારા જે દોષો છે અને જે શિથિલપણું છે તે ચોક્કસ નીકળી જશે. પહેલા કરતાં સમજ વધતી જાય છે અને આસનની સ્થિરતા પણ થતી જાય છે. પ.પૂ.ભાઈશ્રીએ કહ્યું : જીવ પુરુષાર્થ કરે છે પણ ત્યાં મોહરાજાના એક નાના હુમલાથી હલી જવાય છે પણ હવે આવા આપના સુંદર બોધથી શાંત-સ્થિર-નિયમિત-એકાગ્ર-સમાધિભાવ કરવા માટે પુરુષાર્થી બનીશ. **– અર્ધપ્રાપ્તિ**

★ પહેલાં તો અનાદિના સંસ્કાર, વૈરાગ્યની ખામીને કારણે ધ્યાન વખતે મન વિચારોમાં જ દોડી જતું. પણ પછી વૈરાગ્યના વિષયથી ઉપયોગને કેમ છૂટો પાડવો ? તે સમજ્યા પછી કંઈક ધ્યાનમાં સ્થિર થઈ અને પછી તો એવી મજા આવવા લાગી કે શું વાત કરું ? **– અર્ધપ્રાપ્તિ**

વિરાગ-વેલડી

વિરાગ વેલડી વિકસી છે, આજે સાયલા મુકામે;
સત્ કાળ આવ્યો છે, ભવ્યો તીવ્ર વિરાગ ને પામે
વિરાગ....

વૈરાગ્ય કળા વિસ્તારી, વિવેક ગુણ વખાણો;
ભક્તિભાવ જગાડી, સંસારને અસાર જાણો.
ચાલો સૌ કોઈ સાથે, ગાઈએ ભાઈશ્રીના ગુણગાનો
વિરાગ... ૧

ધર્મરાગ છે બીજ, સમાધિ સુખ ફળ;
અભય, નિર્ભીક બનવા, ભાઈશ્રી આપે છે બળ
ચાલો સૌ કોઈ સાથે, ટાળો કર્મ મળ.
વિરાગ... ૨

મોહ રાજા વૈરી, તેના સૈન્યની જાલ બિછાવે;
ધર્મ રાજા તારે, ત્રિવિધ પૂજાઓ બતાવે.
ચાલો સૌ કોઈ, શૂરવીર બની મોહને હરાવો.
વિરાગ... ૩

સમાધિ કુહાડી લઈને, વિષય વાસનાને છેદો;
સમભાવી રહીને, દૂર કરો આંતર ખેદો.
ચાલો સૌ કોઈ, સાધના કરી પામો આતમ ભેદો.
વિરાગ... ૪

વર્તમાનમાં જીવો, સાક્ષીત્વ ભાવે નિહાળો;
સંયમથી બનીને, દસ ઉત્તમ ધર્મને પાળો.
ચાલો સૌ કોઈ સાથે, રહીને ભવના ફેરા ટાળો.
વિરાગ...૫

– બ્ર.નિ. મિનળબેન

મુંબઈમાં બ્રહ્મનિષ્ઠ મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય

તા. ૨૧-૪-૧૪ના રોજ બ્ર.નિ. મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય શાંતિનિકેતનમાં ગોઠવવામાં આવેલ. જેમાં પૂ. બાપુજીનું ૨૭મું વાક્ય - **''આત્મા અમર છે, તેવી સાચી સમજણ આવે તો અંદરથી ભય જાય.''** સમજાવતાં કહ્યું કે આત્મા અમર છે, સ્વભાવ સહજ છે, કોઈના કારણથી હું સુખી દુઃખી નથી. શાશ્વત આત્મા એ મારું સ્વરૂપ છે. જે દેખાય છે તે બધું નાશવંત છે, માત્ર જે જોનાર અને જાણનાર છે તે હું છું. આપણે તો શહેનશાહના શહેનશાહ છીએ, પરંતુ આપણે આત્માને વેઠિયો બનાવી દીધો છે. આત્મા અસંખ્યપ્રદેશાત્મક, ચૈતન્યસ્વરૂપ,અરૂપી છે જે સંકોચ - વિકાસનું ભાજન છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. આત્મા શરીરના કદ પ્રમાણે તેમાં વ્યાપીને રહે છે. તેનો એક પણ પ્રદેશ વધતો કે ઓછો થતો નથી કે ખંડિત થતો નથી. તે છેદાતો, ભેદાતો કે બાળી શકાતો નથી. આ ભાવ હૃદયમાં સ્થિર થાય તો ભય જાય. મોતનો ભય કેમ લાગે છે ? **અબ હમ અમર ભયે ન મરેંગે.** હું મરવાનો નથી તેથી ભય, શોક, ઉદ્વેગ રહે નહીં. જ્ઞાનીએ સંસારને પૂંઠ આપી છે તેથી તે સદાય નિર્ભય છે. (૧) મરણનો ભય (૨) અકસ્માતનો ભય (૩) વેદનાનો ભય (૪) ચોરીનો ભય (૫) પરલોકની ગતિનો ભય (૬) લૂંટનો ભય (૭) આલોક-ભય. આમ આત્મા અજર, અમર છે એવી સમજણ આવે તો ભયને કોઈ સ્થાન નથી.

તા. ૨૬-૫-૧૪ના રોજ બ્ર.નિ. મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય શાંતિનિકેતનમાં ગોઠવવામાં આવેલ. જેમાં પૂ. બાપુજીનું ૨૮મું વાક્ય - **''આપણામાં ભ્રાંતિ છે, અજ્ઞાન છે, અવિદ્યા છે. ત્યાં સુધી આપણને મૃત્યુનો ભય લાગે છે.''** ભ્રાંતિમાં સમજણ સવળી કરીએ. અજ્ઞાનમાં જ્ઞાન સમ્યક્ કરીએ. મિથ્યાત્વને સમ્યક્ત્વ વડે દૂર કરીએ તો મૃત્યુનો ભય જાય. જ્યારે જ્યારે આપણું મન નબળું પડે, સાંસારિક વિચારો આવે ત્યારે આપણે સ્મરણ કરવું કે **''હું દેહાદિ સ્વરૂપ નથી. સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિ આદિ કાંઈ મારું નથી. હું શુદ્ધ ચૈતન્ય, અવિનાશી એવો હું આત્મા છું.''** આવી સાચી સમજણ આવે તો આત્મા નિત્ય છે તેની દૃઢતા થાય. માટે જ્ઞાનીના વચનનો આધાર લેવો, તેનો સત્સંગ કરવો, જ્ઞાની પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરી સમર્પિત ભાવ કરવો. સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવા વૈરાગ્યને પ્રથમ જગાડવો જોઈએ. વૈરાગ્ય પ્રેરક ૧૬ ભાવનાઓ એ વૈરાગ્યની જનની છે, તેમાં જ આપણા મનને સંલગ્ન રાખવું. મૃત્યુના ભયથી મુક્ત થવા આત્માને અનુભવ કરી લેવો અત્યંત જરૂરી છે. આત્મા,તેનો પર્યાય બદલાય છે પરંતુ મૂળ સ્વરૂપે તેનો ક્યારેય નાશ થઈ શકતો નથી.

તા. ૧૪-૦૬-૨૦૧૪ના રોજ બ્ર.નિ. મિનળબેને લેડીઝ સ્વાધ્યાયમાં આગળ સમજાવતાં કહ્યું કે ખરેખર જીવને મૃત્યુનો ભય નથી પણ પોતે મેળવેલી સંપત્તિ, કુટુંબ બધું છોડીને જવું પડશે તેનો ભય છે. ભયનો સંબંધ શ્રદ્ધા અને ભક્તિ સાથે સીધો જોડાયેલો છે. જીવનમાં જો સંયમ અને શિસ્ત હશે તો જીવને પોતાના માટે સમય મળશે. મિથ્યાત્વ જે આપણી અંતરગ્રંથિ છે તેને સત્દેવ, સત્ગુરુ તથા સત્ધર્મની શ્રદ્ધાથી તોડવાની છે, હું-પણાના ભાવને કાઢીને ભક્તિને મુખ્ય કરવાની છે. શરીર પ્રત્યેનો મોહ છે તે મિથ્યાત્વ સુધી લઈ જાય છે. દેહના સંગે સુખ-દુઃખ થાય છે, જેથી આકુળતા-વ્યાકુળતા થાય છે પણ એ વખતે જો જ્ઞાન હાજર થાય તો અજ્ઞાનને જવું જ પડે. તે કાંઈ ન કરી શકે. આમ મોત આવે તે પહેલાં આપણે એને જીતી લેવાનું છે. દેહનું મૃત્યુ તે દ્રવ્યમરણ છે પણ આપણે તો ક્ષણેક્ષણે જે ભાવમરણ થાય છે એનાથી બચવાનું છે. આત્મા તો નિત્ય, ત્રિકાળ રહેવાવાળો પદાર્થ છે. આવા ભાવો અંતઃકરણમાં સ્થિર થાય તે માટે ઘણી જ ઊંડાણથી આ વાતની સમજણ આપી.

અમદાવાદમાં બ્રહ્મનિષ્ઠ લલીતાબેનનો લેડીઝ સ્વાધ્યાય

તા. ૦૩-૦૩-૨૦૧૪ : આત્માનો ઢાળ – અનાદિ કાળથી આત્માનો ઢાળ સંસાર ને સંસારના ઉપાયો પ્રત્યે છે. જ્યાં સુધી આ ઢાળ નહીં બદલાય ત્યાં સુધી આર્ત્ત અને રૌદ્રધ્યાન ઘટશે નહીં, અને ત્યાં સુધી ધર્મધ્યાન અને શુક્લધ્યાન ઘટશે નહીં. આપણો ઢાળ સંસાર તરફનો હોવાથી તેનું જ ચિંતન, તેનું જ ધ્યાન, તેના જે પદાર્થો છે, વ્યક્તિઓ છે તેનું ચિંતન કર્યું છે. તેથી તેને અર્થ-કામ જ ઉપાદેય લાગ્યા છે. અંતે તે દુર્ગતિનું કારણ થાય છે માટે અનિત્યાદિ ભાવનાઓ વિચારવી. રાગ-દ્વેષને જીતવાનો મહામંત્ર છે કે અનુકૂળતાનો ત્યાગ અને પ્રતિકૂળતાનો સ્વીકાર કરવો. આમ સમત્વની સાધના કરવાની છે. જિનેશ્વર ભગવાનના ઉપદેશનો આ જ સાર છે. અપૂર્વ યાત્રા છે. માટે ઢાળ બદલાવવો જ પડશે.

તા. ૨૯-૦૪-૨૦૧૪ : સાક્ષીભાવ – જેનું ચિત્ત શાંત-નિર્મળ અને જાગૃત છે. જેનામાં વિવેક પ્રગટ્યો છે તે જ સાચો સાક્ષી છે. આપણી અંદર સતત જાણવાવાળો, જોવાવાળો છે તે સતત હાજર છે. એટલે જાણનાર ઉપર જ લક્ષ રાખવાનો છે. જાણનાર જ જણાવો જોઈએ. અવસ્થા બદલાય છે પણ જાણનાર બદલાતો નથી. સાક્ષીભાવની સાધના ડબલ રોલમાં કામ કરે છે. એક તો કર્મની નિર્જરા કરાવે છે. કર્તાપણું છોડાવી મોક્ષનો પાસપોર્ટ અપાવે છે. **'લક્ષ' રહે જ્યાં સુધી નિત્ય નિર્મળપણે, કરમનો ડાઘ કહો કેમ લાગે.**

તા. ૨૪-૦૫-૨૦૧૪ : ચેત - ચેત નર ચેત – અનાદિ કાળથી આ જીવ પરમાં આસક્ત ને ભ્રમણાની ગલીઓમાં ભરમાતો રહ્યો છે. તેથી મિથ્યાત્વની ગાંઠને સજ્જડ કરી રહ્યો છે. આસક્તિની ભૂલ એટલી બધી દૃઢ થઈ ગઈ છે કે ત્યાંથી જાણવા છતાં પાછું ફરાતું નથી, ઉપર ઉઠાતું નથી.

ભૂલનું ભાન પણ થતું નથી. માટે સદ્‌ગુરુ દ્વારા આત્માનું સ્વરૂપ સમજી સમ્યક્‌ત્વને પ્રાપ્ત કરી લેવું નહિતર ત્રસપર્યાય થોડા સમયમાં પૂરી થઈ જશે, માટે હે જીવ ! અવસર ચૂકવા જેવો નથી. એક એક ક્ષણને પુરુષાર્થમાં લગાડશું તો અનંતગુણનો નિધાન હાથ લાગશે. ગમે તેવી સ્થિતિમાં ન લેપાવું કે મુંઝાવું તે જ આપણા હાથની વાત છે. માટે ચેત-ચેત-નર ચેત.

પરમકૃપાળુ દેવના પરમ સમાધિદિનની રાજકોટમાં ઉજવણી

રવિવાર ૨૦ એપ્રિલ ૨૦૧૪, ચૈત્ર વદ પાંચમ, એટલે અર્વાચીન કાળના, યુગપ્રવર્તક, સંતશિરોમણિ પરમ કૃપાળુ શ્રીમદ્‌જીનો દેહોત્સર્ગ દિવસ. દેહ છતાં દેહાતીત એવા વિદેહી શ્રીમદજી મોક્ષનું સુખ તો અહીં જ માણી રહ્યા હતા. અનંત અવ્યાબાધ સુખની અંતિમ યાત્રાની તૈયારી કરતાં તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અસંગ બનીને પરમ સમાધિમાં આરૂઢ થઈને રાજચંદ્ર નામે ધારણ કરેલા દેહને ત્યાગી દીધો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ જ્ઞાનમંદિરે સામૂહિક રીતે સર્વ મુમુક્ષુઓ ઊજવી શકે એવું આયોજન કર્યું હતું. તે દિવસે સવારે સમાધિભવન પર પ્રથમ સ્વાધ્યાય પ.પૂ. ભાઈશ્રીનો રાખવામાં આવ્યો હતો. કૃપાળુદેવનાં વચનો દ્વારા ભાઈશ્રીએ સત્સંગનું માહાત્મ્ય સમજાવ્યું હતું. એક એક વચનમાં રહેલા ગર્ભિત બોધને ભાઈશ્રીએ સરળ અને સહજ રીતે સમજાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે **સત્સંગ એટલે સત્પુરુષનો સંગ.** જો પ્રત્યક્ષ જ્ઞાનીની નિશ્રા પ્રાપ્ત થાય અને જો મુમુક્ષુ આત્મા સર્વભાવથી સમર્પિત થઈ તેની આજ્ઞાનું આરાધન કરે તો પછી સમ્યક્‌દર્શન ચોક્કસ પામી શકે છે. સત્સંગનું માહાત્મ્ય સમજાવતી એક સુંદર કથા પણ ભાઈશ્રીએ કહી હતી. તેમની જ્ઞાનવાણી અને

શાંત, પ્રસન્ન મુદ્રા જોઈને સહુ સંતોષ પામ્યા હતા.

ભાઈશ્રી બાદ પરમ આદરણીય શ્રી નિરંજનભાઈ શેઠનો સ્વાધ્યાય હતો કે જે ઘણો મનનીય હતો. બપોરના નર્મદા મેન્શનમાં સાયલાના મુમુક્ષુઓની ભક્તિ હતી અને તેમાં પ. કૃ. દેવના જીવનના અંતિમ બે દિવસ તેમજ તેમની અદ્‌ભુત જ્ઞાનદશાની વાત કરીને ઉત્કૃષ્ટ ભાવ જાગે એવાં પદો લેવામાં આવ્યાં હતાં. નર્મદા મેન્શનથી જ્ઞાનમંદિર સુધીની મૌનયાત્રા દરમિયાન અંતરમુખ દૃષ્ટિ કેળવીને બધા શાંતિપૂર્વક કમસર ચાલીને ગયા હતા.

બપોરના પરમ આદરણીય શ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ તેમની અનોખી શૈલીમાં કૃપાળુ દેવના જીવનના વિવિધ પાસાઓને લઈને તેમની આંતર-બાહ્ય ચારિત્ર દશાની સુંદર છણાવટ કરતું વક્તવ્ય આપ્યું હતું.

તે દિવસે રાત્રે ફરી સાયલા આશ્રમના મુમુક્ષુઓની દોઢ કલાકની ભક્તિ રાખવામાં આવી હતી. પદોની પૂર્વભૂમિકા બાંધીને અત્યંત ભાવનાત્મક રીતે ગવાયેલાં તે પદો થકી ભક્તિમય માહોલ બંધાયો હતો. ભક્તિના માધ્યમથી પ.કૃ. દેવની સગુણથી નિર્ગુણ અવસ્થા સુધી પહોંચવાનો આ એક અનોખો પ્રવાસ હતો. એમના ગુણચરિત્રમાં રંગાઈને પ.કૃ. દેવની દિવ્યતામાં ઓગળી જવાનો એક હૃદયાત્મક પ્રયત્ન હતો.

નાયરોબીના મુમુક્ષુઓએ ઊજવેલ પ.કૃ. દેવનો દેહવિલય દિન

પ.કૃ. દેવ શ્રીમદ્‌ રાજચંદ્ર દેહવિલય દિન તા. ૨૪ એપ્રિલના રોજ રાજ-સૌભાગ સત્સંગ મંડળ નાયરોબીના ૪૦ મુમુક્ષુઓએ સવારે ૧૦થી બપોરના ૩ સુધી — ધ્યાન, અલગ અલગ વાંચન—આત્મસિદ્ધિ, ભજનો, ક્ષમાપના પાઠ વગેરે દ્વારા ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ઊજવ્યો. શ્રી રાયશીભાઈ અને શાંતાબેનના ફેમિલી દ્વારા લંચ વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

માનસરોવરમાં પૂજાયેલા ભગવાન શ્રીઆદિનાથની બોરડીયા પરિવારના ઘરે થયેલી સ્થાપના

૩૦ મે ૨૦૧૪ના શુક્રવારે આત્માર્થી દુલારીબેન તેમજ કીર્તિભાઈ બોરડીયાના ઘરે સ્થાપના મહોત્સવ ઉજવાયો હતો. માનસરોવરની ધર્મયાત્રા વખતે અષ્ટાપદજીના પર્વત ઉપર જે **૫** પ્રતિમાજીઓનું અષ્ટ પ્રકારી પૂજન ભાઈશ્રીએ કર્યું હતું તેમાંની આ એક પ્રતિમા છે અને તેથી આ પ્રતિમાજી વિશેષ મૂલ્યવાન છે. સમગ્ર રીતે સમર્પિત આ પરિવારની યોગ્યતા-પાત્રતાને જોઈને ભાઈશ્રીએ આ પ્રતિમાજી તેમને ભેટ આપેલ હતી. આ પ્રતિમાની સાથોસાથ ૨૪ તીર્થંકર ભગવાન તેમજ પરમ કૃપાળુ દેવ અને બાપુજીના ચિત્રપટની સ્થાપના પણ થઈ હતી.

આગલે દિવસથી પધારી ચૂકેલા ભાઈશ્રી જ્યારે દીવાનખંડમાં પધાર્યા ત્યારે તેમનો જય જયકાર થઈ રહ્યો હતો પણ તેઓ શાંત, નિર્લેપ, સ્વરૂપ નિમગ્ન રહ્યા હતા. બોરડીયા કુટુંબે તેમનું તિલક, આંટી અને ખેસ પહેરાવીને પૂજન કર્યું હતું.

બોરીવલીના તમામ અને મુંબઈના અગ્રગણ્ય મુમુક્ષુઓ આ ભાવનાત્મક સ્થાપના વિધિમાં ઉપસ્થિત હતા. કીર્તિભાઈનું વિશાળ ઘર દિવ્ય ધૂનો અને પદોથી ગૂંજી ઊઠ્યું હતું અને પવિત્ર આધ્યાત્મિક વાતાવરણ બંધાઈ ગયું હતું.

શ્રી કીર્તિભાઈના ઘરમંદિરમાં પૂર્વે શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્થાપના થઈ હતી, તે પાર્શ્વનાથ પ્રભુ અને માનસરોવરમાં પૂજાયેલા શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાજીનું પ્રથમ પ્રક્ષાલન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આનંદ-ઉલ્લાસ સાથે તેમના દીવાનખંડમાં બોરડીયા કુટુંબને સાથે રાખીને ભાઈશ્રીએ ઋષભદેવ ભગવાનની સ્થાપના કરી હતી. ત્યાર બાદ ૨૪ તીર્થંકરને એક પછી એક કમમાં ત્યાં ઉપસ્થિત મુમુક્ષુઓએ તેમના ઘરમંદિરમાં સ્થાપિત કર્યા હતા. પરમ કૃપાળુ દેવ અને પ.પૂ.બાપુજીનાં ચિત્રપટોને

તેમના ભોજનખંડમાં સ્થાપિત કરવામાં આવ્યાં. હર હમેશની જેમ બોરડીયા કુટુંબે મુમુક્ષુઓની ઉત્તમ સરભરા કરી હતી. અવધૂત આનંદઘનજી મહારાજ રચિત **'અવધુ સો જોગી ગુરુ મેરા'** પદને ભાઈશ્રીએ સ્વાધ્યાય દરમિયાન સમજાવ્યું હતું. અગમવાણીનું આ પદ સાધારણ રીતે કોઈ સમજી શકતું નથી. તેની એક એક કડીમાં એક એક કોયડો રહેલો છે પણ ભાઈશ્રીએ સરળ રીતે તે પદના દરેક કોયડાને સુલજાવી આપ્યા હતા. સ્વાધ્યાય પૂરો થતાં કીર્તિભાઈ અને દુલારીબેને મધુર સ્વરમાં પદ ગાયું હતું. ત્યાર બાદ સ્વાદિષ્ઠ ભોજન લઈ આ સ્થાપનામાં વીતરાગભાવની સન્મુખ થવાનો અવસર પ્રાપ્ત થયો તેનો આનંદ માણી સૌ પોતપોતાના ઘરે પાછાં વળ્યાં.

—૦—૦—

રૂપાણી પરિવાર દ્વારા પૂ. ભાઈશ્રીના સાંનિધ્યમાં પુત્ર રીતેશના ૪૦મા જન્મદિનની ઉજવણી

શનિવાર, ૩૧મી મે ૨૦૧૪ના રોજ સ્વાધ્યાય ભક્તિનો વિશેષ કાર્યક્રમ બોરીવલી ખાતે શ્રી કોકિલાબેન તેમજ દીલ્લુભાઈ રૂપાણી પરિવારે ગોઠવ્યો હતો. પુત્ર રીતેશના (ઘાવરી) ૪૦મા જન્મદિનની ઉજવણીનો આ દિવસ હતો. ભાઈશ્રી સાથે જોડાયેલા જીવનની દિવ્યતાનો આ આનંદ પ્રસંગ હતો.

સામાન્ય રીતે લગ્નજીવનને ૨૫ કે ૫૦ વર્ષ થયાં હોય કે પછી ઘરના વડીલને ૭૫ વર્ષ પૂરાં થાય ત્યારે આપણે તેને ઊજવતા હોઈએ છીએ. ૪૦મા જન્મ દિવસને ઊજવવાનો આ પહેલો પ્રસંગ હતો. તે દિવસે કુટુંબ અને મુમુક્ષુઓને ભેગા કરીને ભાઈશ્રીનો ધાર્મિક બોધ સાંભળવાની ભાવના રાખવી એ ખરેખર પ્રશંસનીય છે. કેમ જાણે આ ઉજવણી થકી એ નવી ગૌરવભરી પ્રણાલિકા સ્થપાય અને બધાએ તેને આવકારી પણ ખરી.

બોરીવલીસ્થિત એક હૉલમાં સાંજે ભાઈશ્રી પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તિલક અને હાર પહેરાવીને રૂપાણી કુટુંબે આત્મિક આનંદ વ્યક્ત કર્યો. સંગીતના સ્વરે ગરબા લઈને તે આનંદ ઉત્સવમાં અનેક ગણો વધારો થયો. ભોજન લીધા બાદ ભાઈશ્રીના બોધને સાંભળવા, ચેતનાને જાગૃત કરવા સહુ આતુર હતાં.

પ્રથમ ભાઈશ્રીએ રીતેશને જન્મદિનના આશીર્વાદ આપ્યા અને સાથોસાથ તીર્થંકર ભગવાનનો એક સિક્કો પણ ભેટ આપ્યો. રિતેશની નિષ્ઠા અને કાર્યકુશળતાને બિરદાવ્યા બાદ ભાઈશ્રીએ **'જીવન સોપાન'**ના વિષય પર અર્થપૂર્ણ બોધ આપવાની શરૂઆત કરી.

ભાઈશ્રીએ કહ્યું કે અસ્તિત્વના સાગરમાં માત્ર શ્વાસના જ હલેસાથી નૌકા ઇચ્છેલા કિનારે નહિ પહોંચે, તે માટે યોગ્ય પુરુષાર્થ, સમયસૂચકતા, સંકલ્પબદ્ધતા - આવા અનેક ગુણોનો સમન્વય કરવો પડશે અને ત્યારે જ જીવનનાં સોપાનો સાકારિત થશે. જ્યાં ઊભા છીએ ત્યાંથી નિશ્ચિત ધ્યેય તરફ આગળ વધવાનું છે.

આપણે જેવા દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ તેવા સાચે જ થઈ જઈએ એવો પુરુષાર્થ કરવાનો છે. પછી દંભ, દંભ ન રહેતાં વાસ્તવિકતા બની જાય એવું કરવાનું છે. પ્રેરણા ભલે બીજા પાસેથી લઈએ પણ અજવાળાના દીપક તો અંદરમાં પ્રદીપ્ત કરવાના છે.

ઊંચા શિખરોની વાત કરીએ અને ટેકરી આવતાં અટકી જઈયે તો કેમ ચાલશે. જે થાકતો નથી એનામાં ચોક્કસ એક દિવસ એવી શક્તિ ઉત્પન્ન થશે જ કે જે સફળતાને આંબી જશે. જીવનમાં પ્રતિકૂળતા આવે, મુશ્કેલીઓ કે તકલીફો સહન કરવી પડે પણ તે દ્વારા જ આપણે ઘડાતા હોઈએ છીએ.

શક્તિ અને તકને સુવ્યવસ્થિત રીતે જોડવાની છે અને દરેક કાર્યમાં આપણે સ્વાવલંબી બનવાનું છે. બોધ પામીએ એવાં ઘણાં દૃષ્ટાંતો ભાઈશ્રીએ કહ્યાં અને સિદ્ધિનાં સોપાન સર કરવા માટેની વિવિધ કૂંચીઓ તેમણે બતાવી હતી. છેલ્લે ભક્તિ પદ ગાઈને કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

Directives to be followed by all Mumukshus

To make our stay more comfortable at the Ashram, mumukshus have to follow few directives as below.

(1) Every person must inform of his/her arrival at the ashram through an SMS on Mobile No : +91 8154080533 (Sayla) or an Email to ashramrooms@rajsaubhag.org at least 2 days (48 hours) prior to arrival time on normal days and at least 5 days (120 hours) prior to arrival for shibirs and functions.

The SMS / Email must include :

- Name of the people planning to stay in one room,
- Arrival Date and Time
- Departure Date and Time
- Room Number if sponsorers / patrons of room.

(2) Separate SMS or Email must be sent for each room. You will receive a confirming SMS/Email.

Also you have to send SMS/Email for a cancellation of your programme as soon as possible. Action may be taken against defaulters.

Please note that SMS has to be sent even if you are selected for attending Ekant Maun Aradhana Shibir.

(3) Strictly no tipping to ashram staff. Donations can be made in the office towards worker's fund. Please note action will be taken against both, giver and receiver of tip.

આશ્રમમાં આવતાં મુમુક્ષુઓએ ધ્યાનમાં રાખવા અને પાળવાના નિયમો

આશ્રમમાં આવતાં મુમુક્ષુઓ સારી રીતે રહી શકે તે માટેના નિયમો નક્કી કરેલ છે.

(૧) દરેક વ્યક્તિ જે આશ્રમમાં રહીને સાધના કરવા આવતાં હોય તેઓએ ઓછામાં ઓછા બે દિવસ (૪૮ કલાક) પહેલા અને જે મુમુક્ષુઓ શિબિર અથવા આશ્રમના જનરલ ફંકશનમાં આવવાના હોય તેઓએ પાંચ દિવસ (૧૨૦) કલાક પહેલા આશ્રમના મોબાઈલ નંબર + 91 8154080533 અથવા Email Id : ashramrooms@rajsaubhag.org ઉપર ફરજીયાત જાણ કરવી પડશે.

જે SMS અથવા Email કરો તેમાં,

– આવનાર વ્યક્તિઓના નામ જે એક જ રૂમમાં રહેવાના હોય.

– આવવાની તારીખ અને સમય

– આશ્રમમાં કેટલા દિવસ રોકાશો.

– સાથે રૂમ નંબર પણ લખવો જો આવનાર મુમુક્ષુ રૂમના Sponsorers / Patrons હોય તો.

(૨) દરેક રૂમ માટે અલગ અલગ SMS અથવા Email કરવાનો રહેશે.

આપના SMS / Email નો આશ્રમ તરફથી જવાબ આપવામાં આવશે. જો આપે ઉપર મુજબ જણાવેલ આપનો પ્રોગ્રામ કેન્સલ થાય તો તેની પણ જાણ તુરત જ કરવાની રહેશે. એકાન્ત મૌન શિબિરમાં ભાગ લેનારે પણ ઉપર મુજબ જાણ કરવી જરૂરી છે.

(૩) આશ્રમના સ્ટાફને વ્યક્તિગત રીતે કોઈએ પણ બક્ષીસ / ટીપ આપવી નહીં; જો કાંઈ પણ આપવું હોય તો ઑફિસમાં વર્કર્સ ફંડમાં જમા કરાવી શકો છો.

કોઈ પણ મુમુક્ષુઓ આમાં ભૂલ કરશે તો તેઓ પ્રત્યે પગલાં લેવામાં આવશે.

નિષ્ઠાપૂર્વકની સેવા કરવા માટેનું આમંત્રણ

વહાલા મુમુક્ષુઓ,

પ.પૂ. ભાઈશ્રીના અવિરત વહેતા નિષ્કામ પ્રેમ-વાત્સલ્યમાં તરબોળ થઈ રહેલા આપણે સહુ મુમુક્ષુઓ સહચારીપણે એક દિવ્ય શક્તિ સ્વરૂપ છીએ. આ બહોળો આધ્યાત્મિક પરિવાર જો સામૂહિક અને સંગઠિત થઈને પ્રયત્નપૂર્વક આશ્રમની સાર-સંભાળ લે તો આશ્રમમાં આવતા સાધકો પોતાના ધર્મ પુરુષાર્થને વેગવંતો બનાવી, પારમાર્થિક લક્ષને વધુ ચોક્કસ રીતે આંબી શકે.

અંતરમાં આનંદ અને બાહ્યમાં શાંતિ કેળવીને જો સમજણપૂર્વક આશ્રમના તમામ પહેલુઓનો વિચાર કરીને એક સુંદર વ્યવસ્થા ગોઠવાય તો સહજ રીતે બધુ નિયંત્રિતપણે ચાલ્યા કરે.

એશો-આરામ અને વૈભવશાળી એવા કોઈ રિસોર્ટના માહોલ નહિ પણ જરૂરિયાતની બધી જ સગવડો પૂરી પાડીને એક અતિ પવિત્ર વાતાવરણ સર્જવાનો આ પ્રયાસ છે. ચોખ્ખાઈ રહે અને આરોગ્ય જળવાય એ મુખ્ય પ્રયોજન છે.

આ ઉદ્દેશને પાર પાડવા માટે, આપણે થોડી કમિટીઓ સ્થાપવા માંગીએ છીએ :

૧. રસોડા કમિટી

૨. ઑફિસ અને સિક્યોરીટી કમિટી

૩. હાઉસ કીપિંગ અને મેન્ટેનન્સ કમિટી

૪. ગૌશાળા કમિટી

૫. મહોત્સવ ઉજવણી કમિટી

૬. હ્યુમન રિસોર્સ કમિટી

૭. સેન્ટ્રલ પરચેઝ કમિટી

જે મુમુક્ષુઓ પોતાનો સમય ફાળવી શકે અને નિષ્ઠાપૂર્વક સંકલ્પબદ્ધ થઈને પોતે સ્વયં સ્વીકારેલી જવાબદારીઓ આનંદપૂર્વક નિભાવી શકે તેઓને વિનંતી છે કે આ સાથેનું ફોર્મ ભરીને તમારા સેન્ટરના અધ્યક્ષને સુપરત કરવું.

જોવું, સમજવું, આયોજવું,અમલમાં મુકાવડાવવું અને પછી નિરીક્ષણ કરતા રહેવું - આ તેનાં પાંચ પગથિયાં છે.

પ્રશ્ન થાય 'કેટલો સમય આપવો પડશે ?'

શરૂઆતમાં દરેક કમિટીના સભ્યોએ ૩ દિવસ માટે આવવું પડશે. ત્યાર બાદ કમિટીના થોડા સભ્યોએ ૨ દિવસ માટે આવવું પડશે. એક વખત રાબેતા મુજબ બધું ચાલવા લાગે તો કોઈ પણ એક અથવા બે સભ્યોએ સાયલા આવતા હોય ત્યારે એક દિવસ ખાસ આ નિરીક્ષણ કરવા વહેલું આવવું પડે.

કોઈ પણ ઉંમરના મુમુક્ષુ આ અલગ અલગ કાર્યકારી કમિટીઓમાં જોડાઈ શકે એમ છે, માટે આ કાર્ય યુવાનો પૂરતું મર્યાદિત નથી.

આ સાથેનું ફોર્મ અંગ્રેજીમાં છે તે ભરીને પોતાના ક્ષેત્રની મુખ્ય વ્યક્તિને આપવાનું રહેશે.

— વિક્રમના વંદન

પોતાના વિષે ઉત્પન્ન થયો હોય એવા મહિમા યોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી, પણ અલ્પ નિજ દોષ જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે અને વિના પ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે, એ ભલામણ જ્ઞાનીપુરુષના વચનમાં સર્વત્ર રહી છે અને તે ભાવ આવવા માટે સત્સંગ, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે, જે અનન્ય નિમિત્ત છે.(પ-૫૨૬)

Volunteer Signup Form

Name : _____

Age : _____

Full Address : _____

Qualification : _____

Talents : _____

Email Id : _____

Phone / Mobile No : _____

Are you available on whatsApp : Yes / No

Your weekly off days (e.g. Sunday) : _____

How many times in a year you visit Sayla ? _____

How many additional trips you are willing to make to Sayla ? _____

Preferred committee : _____

Special Note - Comments - Explanations : _____

_____

Signature : _____

List of Committee :

1. Kitchen (2 women and 2 men)

2. Office and Security (4 members women / men)

3. Housekeeping and Maintenance (2 women and 2 men)

4. Gaushala (2 members women / men)

5. Events and Functions (4 members women / men)

6. Human Resource Development (2 members women / men)

7. Central Purchase (4 members women / men)

Silver Jubilee Celebration

(Himanshubhai - Rupaben)

You don't have a Soul.

You are a Soul, you have a Body. -- Anonymous

In this day and age, rare are those that souls who recognise and understand their true nature. And fortunate are those that may not be able to recognise it but are able to establish in their lives, the presence of such a *gnani.* We are all fortunate to have found in our beloved Guru, P.P. Bhaishree, a strong guide to illuminate the path to *Samyak Darshan* and Liberation. Following him on the path, hand-in-hand with the soul with whom our destinies are most intricately intertwined, they whom we call our life partner, is but the pinnacle of good fortune.

Two such souls recently completed 25 years of being together in the sacred bond that is marriage. 25 years of being together in joys and sorrows, fears and achievements, successes and failures. 25 years of being each other's rocks in times of crises and trampolines when it was time to celebrate. And 25 years of treading the path laid down by the central figures in both their lives, P.P. Bapuji and thereafter P.P. Bhaishree, their hearts and minds in unison every step of the way.

It seems like the most natural thing then, that our *mumukshus,* Himanshubhai and Rupaben, chose to make their 25th anniversary celebration on 29th June. A celebration of Bhaishree's presence in their lives. Right from the welcome, where their whole families danced to the title tracks of the movie Raanjhanaa, expressing their ecstasy at the colours Bhaishree's presence brought into their lives and how they are completely consumed by their love for him and to the performances on a short medley of popular love songs, all dedicated to Bhaishree, to their *prabhavana* of a coffee table book called *'Bindu ma Sindhu'*, a collection of 21 sentences, penned and handwritten by Bhaishree, in Gujarati and English, that contain the essence of the principal values that one must

imbibe in themselves when walking on the *adhyatmamarg,* every second of this celebration was filled with the Bhakti we all feel for Bhaishree - friend, philosopher, guide and saviour to every one of us.

Bhaishree enthralled everyone present with an inspiring swadhyay on ***Jivan nu Chitra*** - **The Canvas of Life.** Through numerous illustrations, he reminded us that we are the artists, sculptors and architects of our lives. We must fill it with the colours we want, shape it as makes us happy and construct the futures we envision for ourselves. The power to make our journey a piece of art that fills us with satisfaction and is beautiful to our own eyes, as we near the end of our journey, is in our own hands and that we must constantly endeavour to rise and unlock our potential. He blessed Himanshubhai and Rupaben with the advice that they wield this immense power wisely, make great strides on the *adhyatmamarg* and paint the canvases of their lives with the colours of spirituality and enlightenment.

IVY Swadhyay

Time and Tide wait for no one.

The IVY Swadhyay for the month of July 2014 focused on the message given by Pujya Bapuji through this very pertinent question : 'If I gave my entire wealth, will you give me back my yesterday ?'

Surveying the apt faces of the young mumukshus in front of her, Brahmnisht Minalben smiled before embarking on the profound subject of valuing time.

How can we respect time ? By making the best use of it. This is only possible when one plans how they want to productively utilize every moment of the 24 hours given to them. Every individual should ensure wise and creative use of time. One of the most noticeable characteristics of successful and greatmen is the judicious utilization of time, making most of this precious human birth.

Minalben quoted from an article that highlighted that time and health are the most important assets we have, how we use these resources will be the measure of our success.

Time needs to be sown, chewed and not wasted. How can one sow time ? This can be done in 3 ways:

- by learning new things.

- by improving oneself.

- by building and nurturing relationships.

Sowing time has a great incremental value.

How can one chew time ?

- by engaging in 'recreational activites' - those that bring pleasure and joy to our hearts. If one has not yet found which activities bring cheerfulness within us, one should take time out to do so.

Respecting time is not just about fulfilling duties, or being ideal in our actions but

igniting the flame of divinity within us. This holiness will make us forgiving, considerate and thoughtful.

Minalben then narrated the story of 4 candles.

There were 4 candles, all bright and shiny in the beginning, but in a little while the flames of the first 3 were extinguished. A little boy asks the first candle : 'why are you not lit up ?' Sadly, the candle replies: 'I am the candle of love. These days people do not love each other unconditionally. Their love waxes and wanes, how can I survive such inconsistencies ?'

Moving to the 2nd candle, the boy enquires: 'And what about you ?' 'I am Trust and Faith,' was the despondent reply. 'People do not trust one another and have no faith. I cannot live in such circumstances. My death is evident.' Slowly, the boy moves towards the 3rd candle. 'I am the candle of friendship. It is becoming very diffcult to keep up with people's mood swing.One moment they are your friends and the next day, they may not even like to look at your face or talk to you. How Long can I burn bright and shiny ?'

Looking at the brave 4th candle, the boy smiles at last. 'I am hope. No matter what happens, how hard the wind blows, my flame never dies.'

Emphasizing on the strength of hope, Minalben explained: 'Never give up hope. We have the shelter of a Sadguru, who makes our lives extraordinaty. Our past is a place to learn from experiences, our present helps us discern and live realistically, while our future is a placefull of hope. This above all, from the vantage point of spirituality - look within, the only place where you will experience the pure, unadulterated bliss o the Soul. Cultivate the habit of reading. It enriches our solitude. Param Krupalu Dev and Pujya Bapuji always carried a spiritually rich text with them. Reading nurtures us like a mother, protects us like a father and stays with us forever like a true friend.'

During the interactive session at the end of swadhaya, a 6-year old mumukshu recited a simple but philosophical poem:

જાગો, જાગો ! તમે કેમ સમજતાં નથી,
મૃત્યુ બાદ જ્ઞાન થવું અતિ દુર્લભ છે,
વીતેલી રાત્રી પાછી નથી આવતી,
મનુષ્ય જનમ ફરી ફરી મેળવવો મહા મુશ્કિલ છે, એટલા માટે તમને કહું છું,
જાગો, જાગો ! તમે કેમ સમજતાં નથી.

—ooo—

દંતયજ્ઞ

લંડન-નિવાસી મુમુક્ષુ જયાબેન વાઘજી માલદે તરફથી તા. ૧૯-૦૫-૨૦૧૪ના દંતયજ્ઞ રાખવામાં આવેલ. કુલ ૮૨ દાંતના દર્દીઓએ આનો લાભ લીધો હતો. આ દંતયજ્ઞમાં સાયલાની આજુબાજુના ગામડાના દર્દીઓએ સારી સંખ્યામાં લાભ લીધો.

લંડન-નિવાસી મુમુક્ષુ બહેનશ્રી હસુબેન ગુલાબચંદ શાહ તરફથી મોહનભાઈ અને ગુલાબચંદભાઈના સ્મરણાર્થે. તા. ૨૬-૦૬-૨૦૧૪ના દંતયજ્ઞ રાખવામાં આવેલ. કુલ ૧૦૪ દર્દીઓએ આ દંતયજ્ઞનો લાભ લીધો હતો.

આશ્રમના કર્મચારીને ઘરે ધાર્મિક પ્રસંગ

આશ્રમમાં કામ કરતાં જયાબેન, રમાબેન, રૂપાબેન વગેરે એક જ પરિવારનાં સભ્યો છે. તા. ૦૭-૦૫-૧૪ના તેમના પરિવારમાં ધાર્મિક પ્રસંગ હોવાથી તેમણે પૂ. ભાઈશ્રી તથા મુમુક્ષુઓને આમંત્રિત કરેલ. તેમના પરિવારના ૪૦થી ૫૦ સભ્યો ભેગા થઈ ગયાં હતાં. ખૂબ જ ધામધૂમપૂર્વક તેમણે પૂ. ભાઈશ્રીનું સ્વાગત કર્યું. પૂ. ભાઈશ્રીએ થોડો બોધ આપ્યો. આ પછી ચા-નાસ્તો રાખવામાં આવેલ. પૂ. ભાઈશ્રીએ તેમના પરિવારના બે-ત્રણ ઘરે પગલાં પણ કર્યાં હતાં.

બ્ર.નિ. વિનુભાઈ, બ્ર.નિ. લલિતાબેન પણ આ પ્રસંગે આવેલ હતાં.

બાંધકામ કરતા મજૂરોને કેરી તથા શ્રીખંડની વહેંચણી

આશ્રમમાં મોટા પાયે બાંધકામ ચાલી રહ્યું છે. અંદાજે ૧૦૦થી પણ વધુ મજૂરો કામ કરે છે. તેઓ ખૂબ જ કાળજીપૂર્વક સુંદર કામ કરી રહ્યા છે. આપણા આશ્રમ તરફથી જ તેમની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આપણે પ્રસંગો વખતે તેમને પણ જમાડીએ છીએ અથવા મોઢું મીઠું કરાવીએ છીએ. આ વખતે -

૧. તા. ૦૯-૦૫-૨૦૧૪ના બ્ર.નિ. લલિતાબેનનો જન્મદિન હોઈ બધા જ મજૂરો તથા આશ્રમના કર્મચારીઓને એક એક કિલો કેસર કેરી આપવામાં આવેલ.

૨. તા. ૧૨-૦૬-૨૦૧૪ના યોગ મુમુક્ષુઓ તરફથી બધા મજૂરોને એક-એક કિલો કેરી આપવામાં આવેલ તથા ભોજનમાં બધાને કેરી પીરસવામાં આવી હતી.

૩. જેઠ વદ ૧૦, તા. ૨૨-૦૬-૨૦૧૪ના પૂ. સૌભાગભાઈના દેહવિલય દિને બધા મજૂરોને શ્રીખંડ આપવામાં આવેલ.

પ.પૂ. શ્રી સૌભાગભાઈના ૧૧૮મા દેહવિલય દિવસની ઉત્સાહસભર ઉજવણી

દર વર્ષે પ.પૂ. સૌભાગભાઈના દેહવિલય દિવસની ઉત્સાહસભર ઉજવણી કરવામાં આવે છે તે રીતે રવિવાર, તા. ૨૨-૦૬-૨૦૧૪ના રોજ ૧૧૮મા દેહવિલય દિનની ઉજવણી પ.પૂ. ભાઈશ્રીની શુભ નિશ્રામાં કરવામાં આવેલ. ઉજવણી માટે દર વર્ષે રાજકોટ-મોરબી-અમદાવાદથી મુમુક્ષુગણ પધારે છે, પરંતુ આ વર્ષે તેઓ ઉપરાંત કાવિઠા-ઈડર-કોબા-નરોડા વગેરે સ્થળોએથી પણ મુમુક્ષુગણ સારી સંખ્યામાં પધારેલ હતાં.

સવારે ૯.૩૦ સુધીમાં બધાં મુમુક્ષુગણ ગામમાં આવેલ શ્રી સૌભાગ-સ્મૃતિ જ્ઞાનમંદિર પહોંચી ગયેલ હતાં. ત્યાં ૧૦ વાગ્યા સુધી ભક્તિ કર્યા બાદ રાજકોટથી પધારેલ સ્વાધ્યાયકાર શ્રી સુધીરભાઈએ પત્રાંક - ૭૮૩ વિસ્તૃત રીતે સમજાવેલ હતો. ત્યાર બાદ પ.પૂ. ભાઈશ્રીએ પ.કૃ.દેવ તથા શ્રી સૌભાગભાઈના પારમાર્થિક સંબંધો વિષે અલગ અલગ પ્રસંગોની રજૂઆત કરેલ. ઉપરાંત બપોરના સ્વાધ્યાયમાં પણ એ જ રીતે વિશ્લેષણ કરી મહત્ત્વ દર્શાવેલ. પ્રસંગોમાં (૧) 'રાજછાયા' મકાનનો પ્રસંગ, (૨) રતનબાના સામાયિકનો પ્રસંગ, (૩) દેવુબા લીંબડી સુખરૂપ પહોંચેલ તે પ્રસંગ, (૪) બે લડતા આવતા સાંઢનો પ્રસંગ વગેરે લીધેલ હતા.

બપોરના સ્વાધ્યાય દરમ્યાન ઈડરથી પધારેલ પૂ. શ્રી હરિભાઈ શાસ્ત્રીજીએ રસપ્રદ વાણીમાં વર્ણન કરી સૌને રસતરબોળ કરેલ, તો મોરબીથી પધારેલ શ્રી હસમુખભાઈએ પત્રાંક-૨૧૩ વિગતવાર ઉદાહરણોસહ સમજાવેલ હતો.

આમ આખો દિવસ પૂ. સૌભાગભાઈમય બની ગયેલ હતો.

પૂ. ભાઈશ્રીના સ્વાધ્યાય

તા. ૨૫-૦૪-૧૪ : મુંબઈના મુમુક્ષુઓનો કોમન સ્વાધ્યાય દાદર, જયવંતભાઈ સંઘવીના ઘર મંદિરમાં રાખવામાં આવેલ.

તા. ૨૭-૦૪-૧૪ : યુવાસ્વાધ્યાય બ્ર. વિનુભાઈને ઘેર શાંતિનિકેતનમાં સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ સુધી રાખવામાં આવેલ. **'સત્ત્વ એ જ સમૃદ્ધિ'** આ વિષય પર પૂ. ભાઈશ્રીએ ખૂબ જ બોધપ્રેરક સ્વાધ્યાય કરાવ્યો હતો. આ પ્રસંગે બ્ર.નિ. વિક્રમભાઈ, હીરેનભાઈ તથા નિમિત્તે ભક્તિ કરાવી હતી.

તા. ૧૮-૦૫-૧૪ના બોરીવલીના મુમુક્ષુ જિતુભાઈ શાહ અને તેમના પરિવાર તરફથી સ્વાધ્યાય ભક્તિ તથા ભોજનનો પ્રોગ્રામ સાંજે ૫.૦૦થી ૮.૩૦ સુધી બોરીવલીના એક સુંદર AC હોલમાં રાખવામાં આવેલ. **'પૂર્ણ પરિવર્તનને પંથે'** – આ વિષય પર પૂ. ભાઈશ્રીએ સુંદર સ્વાધ્યાય કરાવ્યો હતો. આ પ્રસંગે પૂ. મિનળબેન, દુલારીબેન, કીર્તિભાઈ તથા હીરેને ભક્તિ કરાવી હતી. આખા પ્રોગ્રામનું સંચાલન બ્ર.નિ. મિનળબેને કર્યું હતું.

પ્રોગ્રામની શરૂઆતમાં જિતુભાઈ તથા તેમના પરિવારજનોએ પૂ. ભાઈશ્રીનું સુંદર સ્વાગત કરી બહુમાન કરેલ હતું.

૧૫૦થી વધુ લોકોએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો.

તા. ૨૫-૦૫-૧૪ : લોનાવાલા સ્વાધ્યાય ભક્તિનો પ્રોગ્રામ.

પૂ. ભાઈશ્રીએ **'છે તેનો ઉપયોગ'** વિષય પર ખૂબ જ માર્મિક તથા પ્રેરણાત્મક રીતે સ્વાધ્યાય કરાવ્યો હતો.

બ્ર. નિ.વિક્રમભાઈ તથા હીરેનભાઈએ સુંદર ભક્તિ કરાવી હતી. પૂ. ભાઈશ્રી તથા થોડા મુમુક્ષુઓ આગલે દિવસે લોનાવાલા પહોંચી ગયા હતા. ૬૦થી વધુ મુમુક્ષુઓએ આ પ્રોગ્રામનો લાભ લીધો હતો.

પૂ. જયશ્રીબાઈ મહાસતીજીના આશ્રમમાં વરસીતપનાં પારણાં

પૂ. ઈંદુબાઈ મહાસતીજી અને તેમની સાથેનાં પાંચ ઠાણાનાં બધાં મહાસતીજીઓ આશ્રમમાં અવારનવાર આરાધના માટે પધારે છે.

આ પરિવારના જયશ્રીબાઈ મ.સ.ના વરસીતપનાં પારણાં ઘણી સાદાઈપૂર્વક તા. ૦૨-૦૫-૧૪ના પૂ. ભાઈશ્રીના હસ્તે કરાવવામાં આવ્યાં. આ પ્રસંગે બધા જ બ્રહ્મનિષ્ઠો તથા મોટી સંખ્યામાં મુમુક્ષુઓ હાજર રહ્યાં હતાં.

પૂ. ભાઈશ્રીની વિભૂતિની મુલાકાત

ચિન્મયા મિશનનું આ સેન્ટર લોનાવાલાથી અંદાજે ૪૫ કિ.મી. દૂર કોલવન ગામમાં, સહ્યાદ્રિ પર્વતમાળાની વચ્ચે, ૬૫ એકરમાં ફેલાયેલું છે. ચિન્મયાનંદજીનો વેદાંત બોધ, સમાજ સેવા તથા તેનાં પરિણામો લોકો સુધી પહોંચે તે ઉદ્દેશથી તેમના ભક્તો દ્વારા બનાવવામાં આવ્યું છે.

મારુતિ મંદિર, ગણેશ મંદિર, વિશાળ મોટો ઓડિટોરિયમ, અલગ અલગ કેપેસિટીના લેક્ચર રૂમ્સ, નાદબિંદુ ગુરુકુળ, સ્વાગત કક્ષ અને ઑફિસ, ભોજનશાળા તથા ખૂબ વિશાળ મોટું ચિન્મયાનંદજીના જીવનનું દર્શન કરાવતું આધુનિક પદ્ધતિનું પ્રદર્શન – આમ ઘણા વિભાગો આ સેન્ટરમાં આવેલા છે.

તા. ૦૭-૦૬-૧૪ના પૂ. ભાઈશ્રી, બ્ર.નિ. મિનળબેન, બ્ર.નિ. વિક્રમભાઈ, આપણા ઇન્ટિરિયર દેવેનભાઈ મહેતા તથા તેમની ટીમ અને મુમુક્ષુઓ એમ કુલ ૩૦ જણા આ સેન્ટરની મુલાકાતે ગયા હતા. આ સેન્ટરના અગ્રગણ્ય કાર્યકર ત્રિણા ગુલરાજાનીએ બધાનું સ્વાગત કરી, બધા જ વિભાગ બતાવ્યા હતા. આ પછી સેન્ટરના મુખ્ય આચાર્ય સ્વામી અદ્વૈતાનંદજી તથા પૂ. ભાઈશ્રીની મુલાકાત થઈ અને બધાએ તેમની સાથે ભોજન લીધું.

તેમના પ્રવચન હૉલમાં સ્વામી અદ્વૈતાનંદજીએ અડધો કલાક સ્વાધ્યાય કરાવ્યો હતો. આ સેન્ટરમાં ૧૦૦૦ માણસોને રહેવાની સગવડ છે. આ મુલાકાત ઘણી જ સારી રહી. બે સંસ્થા વચ્ચે સંબંધ બંધાણો.

આશ્રમમાં ઉજવાયેલ ચૈત્ર માસની આયંબિલની ઓળી

ચૈત્ર માસની આયંબિલની ઓળી ઉત્સાહસભર રીતે તા. ૦૭-૦૪-૨૦૧૪થી તા. ૧૫-૦૪-૨૦૧૪ દરમ્યાન ઊજવવામાં આવેલ.

આશ્રમનાં ૪ મુમુક્ષુ બહેનો તેમજ ૩ મુમુક્ષુ ભાઈઓ ઉપરાંત સાયલા ગામના એક ભાઈ મળી કુલ આઠ વ્યક્તિઓએ સળંગ ઓળી કરેલ. ૬ ભાઈ-બહેનોએ અગલ અગલ આયંબિલ કરેલ હતાં.

ઓળી દરમ્યાન નવપદજીની પૂજા બ્ર.નિ. મિનળબેન દ્વારા ભણાવવામાં આવેલ હતી.

બ્ર.નિ. વિનુભાઈ દ્વારા દરરોજ રાત્રે નવપદજીની પૂજા - એક એક પદની — ભણાવવામાં આવતી હતી તો બ્ર.નિ. રસિકભાઈ દ્વારા દરરોજ સ્વાધ્યાય કરાવવામાં આવતો હતો.

છેલ્લા એક દાયકામાં સાયલા તાલુકાના પરિણામમાં ઉત્તરોતર વધારો થયો

શૈક્ષણિક પરિણામ વધતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સંતોષની લાગણી

સાયલા તાલુકાની માધ્યમિક શાળાને વર્ષો અગાઉ સૌથી ઓછું પરિણામવાળી શાળાનું બિરુદ મળતું હતું. પરંતુ 'પ્રેમની પરબ' અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં પાયાનું શિક્ષણ સુધરતાં છેલ્લા એક દાયકામાં ધો. ૧૦ના બોર્ડના પરિણામમાં નોંધપાત્ર વધારો આવ્યો છે.

'પેટ બગડે તેનું જીવન બગડે અને પાયો બગડે તેનું શિક્ષણ બગડે' તેવી ઉક્તિ મુજબ સાયલા તાલુકામાં ધો. ૧૦માં પહોંચેલા વિદ્યાર્થીઓને વાંચતાં-લખતાં પણ આવડતું ન હતું. વિદ્યાર્થીઓના પ્રાથમિક શિક્ષણમાં રહેલી કચાશના લીધે સાયલા તાલુકાનું ધો. ૧૦નું પરિણામ નીચું આવતું હતું. દર વર્ષે શૂન્ય પરિણામ કે નીચા પરિણામવાળી શાળાઓમાં સાયલાની હાઈસ્કૂલનો સમાવેશ થતો હતો. જિલ્લાભરમાં સાયલા તાલુકાને શૈક્ષણિક રીતે પછાત માનવામાં આવતું હતું. ત્યારે સાયલાના વિદ્યાર્થીઓના ચિંતિત વાલીઓ પેટે પાટા બાંધીને બાળકોને સુરેન્દ્રનગર અભ્યાસ માટે ભણવા મોકલતા હતા.

પરંતુ છેલ્લા એક દાયકાથી રાજ-સૌભાગ આશ્રમ સંચાલિત 'પ્રેમની પરબ' પ્રોજેક્ટ અંતર્ગત તાલુકાની પ્રાથમિક શાળાઓને દત્તક લઈ તેમના શિક્ષણમાં સુધારો લાવવાનો પ્રયાસ કરાયો છે. જેના લીધે વિદ્યાર્થીઓનો પાયો મજબૂત બનતાં ધો. ૧૦ના પરિણામમાં પણ ઉત્તરોત્તર વધારો આવ્યો છે. એક સમયે વર્ષ ૨૦૦૯માં ૩૪.૬૫, ૨૦૧૦માં ૪૧.૩૨, ૨૦૧૧માં ૫૭.૧૮, ૨૦૧૩માં ૫૭.૮૧ ટકા પરિણામ લાવનાર સાયલા તાલુકાએ આ વર્ષે ૬૭.૨૪ ટકા પરિણામ લાવ્યું છે.

આ અંગે પ્રેમની પરબના ડાયરેક્ટર ચંદ્રકાંતભાઈ વ્યાસે જણાવ્યું કે, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને વાલીઓની જાગૃતતાના લીધે તાલુકાની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થયો છે. સાયલા તાલુકામાં સંપૂર્ણ સુવિધા સાથેની નામાંકિત ખાનગી શાળા કે હોસ્ટેલ ન હોવા છતાં પરિણામનો ગ્રાફ સતત વધતો રહ્યો છે.

'વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પણ પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે, સુખની ઈચ્છા નથી, પણ વીતરાગપણાની ઈચ્છા છે.' — **શ્રીમદ્ રાજચંદ્ર**

શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળ, સાયલા સંચાલિત આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર, સાયલા ક્ષમતા કેન્દ્ર, લીંબડી ઉપાસના વિકલાંક પુનઃવસન કેન્દ્ર, સુરેન્દ્રનગર

એપ્રિલ થી જૂન - ૨૦૧૪—કાર્ય અહેવાલ

આશીર્વાદ, ક્ષમતા, ઉપાસના સેન્ટર અને ડેફબ્લાઈન્ડ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧૨ બાળકો જુદી જુદી સેવાઓ મેળવી રહ્યાં છે.

ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત એથ્લેટિક રમત સ્પર્ધામાં વિકલાંગ વ્યક્તિઓ તેમજ બાળકોએ ભાગ લઈ સુરેન્દ્રનગર જિલ્લા તેમજ ગુજરાત રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ વ્યક્તિઓનો ચેક વિતરણ કાર્યક્રમ પ.પૂ.ભાઈશ્રીના હસ્તે તા. ૧-૪-૨૦૧૪ અને તા. ૧૬-૬-૨૦૧૪ ના રોજ શ્રી મિનળબેન શાહ, અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદના એક્ઝિક્યુટિવ ડાયરેકટરશ્રી નંદિનીબેન રાવલ, એલ.આઈ.સી. ઈન્ડિયા ભાવનગર બ્રાન્ચ સિનિયર ડિવિઝનલ મેનેજર શ્રી રવીન્દ્રકુમાર રાવ સાહેબ, તથા શ્રી જયવંતસિંહ ઝાલા, તાલુકા વિકાસ અધિકારી તથા શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં યોજાયો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ૩૧૭ વ્યક્તિઓને ૧૦,૦૪,૦૦૦ રૂા.ના ચેકોનું વિતરણ ઉપરોક્ત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ.પૂ.ભાઈશ્રીએ તેમના આશીર્વચનમાં વિકલાંગોએ મેળવેલ સિદ્ધિને બિરદાવી વિકલાંગો તેમજ સ્ટાફને અભિનંદન આપ્યા.

નેશનલ હેન્ડિકેપ ફાઈનાન્સ એન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન, ભારત સરકાર, નવી દિલ્હીના આર્થિક સહયોગથી એમ.પી.કોન લિમિટેડ કંપની, ફરીદાબાદ દ્વારા ક્ષમતા કેન્દ્ર લીંબડીમાં ત્રિમાસિક સિલાઈ કોર્સનો સમાપન કાર્યક્રમ યોજાયો; જેમાં ત્રણ માસના સ્ટાઈપેન્ડના ચેક વિતરણ કરવામાં આવ્યા. આ વિતરણ કાર્યક્રમમાં એમ.પી.કોન લિમિટેડ કંપનીના શ્રી કે.કે. અગ્રવાલ, શ્રી આર. એસ. જાદવ તેમજ લીંબડી તાલુકા પંચાયતના શ્રી કૃષ્ણસિંહજી ઉપસ્થિત રહ્યા અને બહેનોને શુભકામનાઓ પાઠવી.

આશીર્વાદ, ક્ષમતા અને ઉપાસના સેન્ટરના સામાન્ય સ્કૂલમાં અભ્યાસ કરતાં ૫૫ બાળકોએ એપ્રિલ માસમાં વાર્ષિક પરીક્ષા આપી. તેમાંથી ૫૪ બાળકો ઉત્તીર્ણ થઈ ૯ જૂનથી શરૂ થતા નવા સત્રમાં આગળના ધોરણમાં અભ્યાસ કરવા માટે મોકલ્યાં.

સાયલા તાલુકાના ગરાંભડી, નાના માત્રા, ધમરાસળા, ચોરવીરા, સામતપર, ઈશ્વરીયા, નોલી, ખીટલા અને ઓવનગઢ ગામડામાં તેમજ ક્ષમતા કેન્દ્ર, લીંબડી ગામમાં સ્વ-સહાય જૂથ બનાવ્યા.

ઓસેડ પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૦-૫-૨૦૧૪ થી ૨૪-૫-૨૦૧૪ સુધી સાયલા તાલુકાનાં જુદી જુદી વિકલાંગતા ધરાવતાં બાળકો માટે ૫ દિવસનો સમર કેમ્પ યોજાયો, જેમાં ૩૯ બાળકોએ ભાગ લીધો અને તેમને દૈનિક ક્રિયાઓ તેમજ જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવી જુદા જાહેર સ્થળોની મુલાકાત કરાવી અને મોજ-મસ્તી કરી. આ સમર કેમ્પની મુલાકાતે અંધજન મંડળના શ્રી ભરતભાઈ તથા શ્રી જ્યોતિષભાઈ આવ્યા. કેમ્પના છેલ્લા દિવસે વાલી મીટિંગ યોજવામાં આવી અને આર.એસ. જાદવ અને સ્ટાફ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

બાળકોના ઉનાળુ વેકેશન દરમિયાન સ્ટાફ મેમ્બરોને અમદાવાદ અંધજન મંડળના શ્રી સુનીલભાઈએ ઓક્યુપેશન થેરાપીની તાલીમ આપી તેમજ સ્ટાફના મેમ્બરો દ્વારા જ બીજા સ્ટાફ મેમ્બરોને મલ્ટી સેન્સરી ઈમ્પેરમેન્ટ, જુદા જુદા સિન્ડ્રોમ, કમ્યુનિકેશન, માનસિક બીમારી, સ્વ-સહાય જુથ, હિયરીંગ ઈમ્પેરમેન્ટ અને લો-વિઝન બાળકો માટે

વપરાતાં સાધનો તેમજ બ્રેઈલ લિપિ વિષે વિસ્તૃત તાલીમ આપી.

તાલીમાર્થી :

હેન્ડિકેપ ઈન્ટરનેશનલ અંતર્ગત ગુજરાત રાજ્યના ડિસેબલ એડવોકસી ગ્રુપના મેમ્બરોની એક-દિવસીય તાલીમ આશીર્વાદમાં યોજાઈ, તેમાં ૨૦ જેટલા સભ્યોએ ભાગ લીધો.

અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ દ્વારા માનસિક બીમારીની તાલીમમાં ૨ તાલીમાર્થીઓ ડીસાથી આવ્યા. તેમનાં માનસિક બીમાર વ્યક્તિનાં લક્ષણો, પ્રકારો, કારણો, સારવાર, સર્વે, માનસિક બીમાર વ્યક્તિની ફિલ્ડ વિઝિટ, સુરેન્દ્રનગર એમ.આઈ. ઓ.પી.ડી. ક્ષમતા કેન્દ્ર લીંબડી અને ઉપાસના સેન્ટર, સુરેન્દ્રનગરની મુલાકાત લીધી તેમજ જુદાં જુદાં રજિસ્ટરો બનાવવા માટેની તાલીમ આપી.

મુલાકાતીઓ :

સાંપ્રત એજ્યુકેશન ટ્રસ્ટ, જૂનાગઢ સંસ્થાના ૨૪ સેરેબ્રલ બાળકો તથા સ્ટાફ મેમ્બરોએ સંસ્થાની તેમજ શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળની શુભેચ્છા મુલાકાત લીધી તેમજ પ.પૂ. ભાઈશ્રીએ બાળકોને આશીર્વચન પાઠવ્યાં.

સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા અમદાવાદથી શ્રી સચિનભાઈ, અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદથી શ્રી વિમલબેન થવાની, શ્રી દિપાબેન જોષી અને શ્રી મિહીરભાઈ જાની આવ્યા. તેમણે બધિરાંધ હંસા તેમજ ઉપાસના વિકલાંગ પુનઃવસન કેન્દ્ર, સુરેન્દ્રનગર મોબિલિટી પાર્કની શુભેચ્છા મુલાકાત લીધી.

શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળ ધરમપુરથી ૧૦ વિદ્યાર્થીઓ આવ્યા. તેમણે સંસ્થા તથા મોબિલિટી પાર્કની શુભેચ્છા મુલાકાત લીધી.

—૦—૦—

શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળ પ્રેરિત 'પ્રેમની પરબ' ત્રિમાસિક અહેવાલ

માહે : એપ્રિલ-૨૦૧૪થી જૂન-૨૦૧૪

એપ્રિલ એટલે વાર્ષિક પરીક્ષાઓનો અને મે એટલે ઉનાળુ વેકેશનનો મહિનો. જૂનમાં નવો થનગનાટ શરૂ થાય. શાળાઓ ગૂંજતી થાય. 'પ્રેમની પરબ' સાથેનો શાળાઓનો પ્રેમસભર નાતો બંધાયેલ જ રહે. એપ્રિલ-૧૪થી જૂન-૧૪ સુધી થયેલ પ્રવૃત્તિઓનો ટૂંક અહેવાલ પ્રસ્તુત છે.

તા. ૩-૪-૨૦૧૪ : લોકસભાની ચૂંટણીને અનુલક્ષી 'સ્વીપ' અંતર્ગત શાળાઓમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ માટે મામલતદારશ્રીની ઉપસ્થિતિમાં આયોજન થયું. ચંદ્રકાન્તભાઈએ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો અને સૂચનો કર્યા. પૂ. એલ.એમ.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ અને પ્રા. શાળા નં. ૧ માટે નાટકો લખી તૈયાર કરાવ્યાં.

તા. ૭-૦૪-૨૦૧૪ : મેઘમુની પ્રાથમિક શાળાનાં શિક્ષિકા શ્રીમતી કુસુમબેન બેલાણીના નિવૃત્તિ વિદાય સમારંભમાં 'પ્રેમની પરબ' તરફથી સન્માન કરવામાં આવ્યું. શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસે હાજર રહી તેમની શિક્ષણ સેવાને બિરદાવી.

તા. ૧૮-૦૪-૨૦૧૪ : ખીંટલા આદર્શ માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો. 'પ્રેમની પરબ' તરફથી પુસ્તકાલય માટે રૂા. ૫૦૦૦/- નાં પુસ્તકો આપવામાં આવ્યાં. વાલીઓ અને આ તાલુકાના શિક્ષણકારો વગેરે ઉપસ્થિત હતા. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવા શ્રી ચંદ્રકાન્તભાઈએ અધ્યક્ષસ્થાનેથી મનનીય પ્રવચન આપ્યું.

તા. ૧૯-૦૪-૨૦૧૪ : પૂ. એલ.એમ.વોરા માધ્યમિક શાળા ધાંધલપુરમાં 'વિકસત' સંસ્થા દ્વારા યોજાયેલ પર્યાવરણલક્ષી કાર્યક્રમમાં ચંદ્રકાન્તભાઈએ ઉપસ્થિત રહી પ્રેરણાત્મક વાતો કરી.

તા. ૧૯-૦૪-૨૦૧૪ : ડોળિયા કુમાર કન્યા શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ અને વાલી મીટિંગમાં ઉપસ્થિત રહી ચંદ્રકાન્તભાઈએ શિક્ષણ-પ્રચાર-પ્રસાર માટે પ્રોત્સાહક વક્તવ્ય આપી કન્યાઓને આગળ ભણવા માર્ગદર્શન આપ્યું.

તા. ૨૨થી ૨૫-૪-૨૦૧૪ : ચાર દિવસ જીવન વિજ્ઞાન કેન્દ્રમાં સમર સાયન્સ કેમ્પ યોજાયો. ધો. ૫થી ૮ના ૫૩ વિદ્યાર્થીઓ અને ૯ શિક્ષકોએ ભાગ લીધો. તા. ૨૨/૨૩ બે દિવસ પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર, રાજકોટના મિનેશભાઈ મેઘાણી તથા સુભાષભાઈએ તજ્જ્ઞ તરીકે સેવા આપી. તા. ૨૪-૦૪-૨૦૧૪ના રોજ Life સંસ્થાના વિદ્વાન તજ્જ્ઞશ્રી ગઢવીભાઈએ પ્રયોગોનું નિદર્શન કર્યું. તા. ૨૫-૪-૧૪ના રોજ ભાવનગર શિશુવિહાર તથા બળવંત પારેખ વિજ્ઞાન નગરીનો વિજ્ઞાન પ્રવાસ કરાવાયો.

તા. ૨૭-૦૫-૨૦૧૪ : અમદાવાદ મુકામે ગુજરાત કેળવણી પરિષદની શિક્ષણ વિમર્શ (માંડવી કચ્છ)ની આયોજન મીટિંગમાં ચંદ્રકાન્તભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા.

તા. ૦૯-૦૬-૨૦૧૪ : નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે ૧૨૮ શાળાના આચાર્યશ્રીઓની સદ્‌ભાવ સભા રાખવામાં આવી. જેમાં ૧૨૫ આચાર્યશ્રીઓ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, BRCશ્રી તથા તમામ CRC ઉપસ્થિત રહ્યા. નીચેના મુદ્દાઓની ચર્ચા થઈ.

- ધો. ૧ માં ૧૦૦% નામાંકન અને પ્રવેશોત્સવ અંગે માર્ગદર્શન.
- તમામ શાળાઓમાં દાખલ થનાર ૩૫૦૦ નવાં બાળકો માટે શૈક્ષણિક કીટ(દફતર+પાટી+ લંચબોક્સ+આંકની ચોપડી+પેન)નું વિતરણ.
- નવા વર્ષની પ્રવૃત્તિઓનું કાર્ય આયોજન.
- મોડેલ સ્કૂલ અંગેના માપદંડ અને માર્ગદર્શન.

આ બેઠકમાં પૂ. ભાઈશ્રી ઉપસ્થિત રહ્યા અને આશીર્વચન સાથે શૈક્ષણિક તથા વિજ્ઞાન પ્રયોગપુસ્તિકા ધો. ૬/૭/૮નું વિતરણ તેમના શુભ હસ્તે થયું.

તા. ૧૨/૧૩/૧૪-૦૬-૨૦૧૪ : ગ્રામ્ય વિસ્તારમાં તમામ શાળાઓમાં સરકારશ્રી દ્વારા પ્રવેશોત્સવ ઉજવાયો. 'પ્રેમની પરબ' તરફથી દરેક શાળાને સહયોગ અને પ્રોત્સાહન આપવામાં આવ્યાં.

તા. ૧૩-૬-૨૦૧૪ : કાશીપરા, સાયલા-૨, સાયલા-૪ અને સાયલા-૬ શાળાઓના પ્રવેશોત્સવમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર ચંદ્રકાન્તભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા. I.G.P. (રાજકોટ રેન્જ) શ્રી પ્રકાશકુમાર સિંહા (IPS) તથા ધારાસભ્યશ્રી કિરીટસિંહજી રાણા પણ પ્રવેશોત્સવ નિમિત્તે હાજર રહ્યા. તેઓએ પૂ. ભાઈશ્રીની મુલાકાત પણ લીધી.

તા. ૧૪-૦૬-૨૦૧૪ : શ્રી પ્રકાશકુમાર સિંહા સાથે સાયલા-૧, સાયલા-૩ તથા થોરિયાળી મુકામે પ્રવેશોત્સવમાં શ્રી ચંદ્રકાન્તભાઈ ઉપસ્થિત રહ્યા. મહેમાનોએ આશ્રમની તથા આશીર્વાદ વિકલાંગ કેન્દ્રની મુલાકાત લીધી.

તા. ૧૭-૦૬-૨૦૧૪ : 'જીવન વિજ્ઞાન કેન્દ્ર'નો વાર્ષિક કાર્યક્રમ ગોઠવવા તેમજ વિજ્ઞાન શિક્ષકોની અભિયોગ્યતા વધારવાના પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવા મીટિંગ બોલાવવામાં આવી. જેમાં ૧૪ શાળાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા. ટૂંક સમયમાં વિજ્ઞાન શિક્ષકો માટેની કાર્યશાળાનું આયોજન થયું. વિજ્ઞાન કેન્દ્રમાં શિક્ષણ માટેનું સમયપત્રક ગોઠવાયું.

તા. ૧૯-૦૬-૨૦૧૪ : વઢવાણ પ્રાથમિક શાળા નં.૭ના પ્રવેશોત્સવમાં શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા.

તા. ૨૦-૦૬-૨૦૧૪ : વઢવાણ પ્રાથમિક શાળા નં. ૫ના પ્રવેશોત્સવમાં આશ્રમ વતી શ્રી જયેશભાઈ ઉપસ્થિત રહ્યા.

તા. ૨૦ થી ૨૨-૦૬-૨૦૧૪ : શ્રી રાજ-

સૌભાગ આશ્રમ તથા ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના સંયુક્ત ઉપક્રમે વાર્તાલેખિકાઓ માટેની ત્રિ-દિવસીય શિબિર યોજાઈ. જેમાં ડૉ. બિન્દુ ભટ્ટ, શ્રી કિરીટ દૂધાત અને શ્રી રમેશ દવેએ માર્ગદર્શન આપ્યું. સંયોજન ક.લા. સ્વાધ્યાય મંદિરના ડાયરેક્ટર પારુલબેન દેસાઈએ અને પ્રજ્ઞાબેન પટેલે સંચાલન કર્યું. ગુજરાતી ભાષાની ૨૫ લેખિકા સાહિત્ય સર્જકોએ ભાગ લીધો. 'પ્રેમની પરબ'ની ૩ બહેનો પણ સહભાગી બની. પૂ. ભાઈશ્રીની નિશ્રામાં યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભમાં ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ પરીખ તથા મહામંત્રીશ્રી પ્રફુલ્લભાઈ રાવલ ઉપસ્થિત હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસે કર્યું. બધા માટે આશ્રમનું પવિત્ર વાતાવરણ સર્જનાત્મકતા વિકસાવનારું બન્યું.

તા. ૨૮-૦૬-૨૦૧૪ : ગુજરાતી કેળવણી પરિષદની શિક્ષણ વિમર્શ માટેની તથા ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની મીટિંગમાં અમદાવાદ મુકામે સંસ્થાના પ્રતિનિધિ તરીકે શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસ સામેલ થયા અને કાર્યક્રમના આયોજનમાં ભૂમિકા ભજવી.

—૦—૦—

જ્યાં લગી લાગ્યા - ભાગ્યાની ભે રહે મનમાં,
ત્યાં લગી ભગતી નૈં થાય;
શરીર પડે વાકો ધડ લડે, પાનબાઈ !
સોઈ મરજીવા કે'વાય.

– ગંગાસતી

મેં મસ્તાના મસ્તી ખેલું, મૈં દીવાના દર્શન કા,
ખમિયા (ક્ષમા) ખડગ હાથ લઈ ખેલું,
જીત તણ અબ દઉં ડંકા !

– દાસી જીવણ

મૈત્રી એટલે સર્વ જગત પ્રત્યે નિર્વૈર બુદ્ધિ,

પ્રમોદ એટલે કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો,

કરૂણા એટલે સંસાર તાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી,

ઉપેક્ષા એટલે નિઃસ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું.

—૦—૦—

કોઈના દોષ જો નહીં. જે કંઈ થાય છે, તારા પોતાના દોષથી થાય છે. બાહ્ય આડંબર એવો કંઈ ઈચ્છવો નહીં જેથી પરમાર્થને બાધ થાય. એવી રીતે મરવું જોઈએ જેથી મરણ સુમરણ બની જાય.

—૦—૦—

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા મળતી હોય ત્યાં સુધી, વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળા ક્ષેત્રે જવું ન ઘટે, કેમ કે તેથી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

– શ્રીમદ્‌ રાજચંદ્ર

—૦—૦—

એકનાથ મહારાજની આ વાત છે. ગુરુ જનાર્દને તેમને આશ્રમના ખર્ચનો હિસાબ રાખવાનું સોંપ્યું હતું. એક દિવસ એક પાઈનો હિસાબ મળતો ન હતો. આખો દિવસ શોધવા મથામણ કરે, અચાનક હિસાબ મળી ગયો, જેથી ખુશ થઈ તાળી પાડવા લાગ્યા. આ દૃશ્ય ગુરુ જોઈ ગયા અને ખુશ થવાનું કારણ પૂછ્યું. કારણ જાણીને ગુરુ કહે : 'ભાઈ, એક પાઈના હિસાબની ભૂલ મળી જવાથી આટલો આનંદ થયો, પરંતુ આ સંસારમાં જે જે ભૂલો કરીએ છીએ તે જાણી જઈએ તો કેટલો આનંદ થાય !'

પૂ. ગુરુદેવની સર્વમંગલ અદ્‌ભુત લક્ષણોની સ્તુતિ

હે ગુરુ, તવ મૂર્તિ અદ્‌ભુત ! ધ્યાન કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ ચરણ અદ્‌ભુત ! પૂજના કે યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ વચન અદ્‌ભુત ! મંત્ર કે યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ દર્શન અદ્‌ભુત ! સ્વરૂપપ્રાપ્તિ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ જ્ઞાન અદ્‌ભુત ! મોક્ષ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ ચારિત્ર અદ્‌ભુત ! સ્થિરતા કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ તપ અદ્‌ભુત ! કર્મનિર્જરા કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ અર્પણતા અદ્‌ભુત ! પરાભક્તિ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ કૃપા અદ્‌ભુત ! સમ્યક્‌દર્શન કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ બોધ અદ્‌ભુત ! કલ્યાણ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ હાસ્ય અદ્‌ભુત ! નિજાનંદ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ સ્થિરતા અદ્‌ભુત ! સમભાવ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ વૈરાગ્ય અદ્‌ભુત ! સંયમ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ બીજજ્ઞાન અદ્‌ભુત ! ભેદજ્ઞાન કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તવ સમાધિ અદ્‌ભુત ! પરમશાંતિ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તુજ સંગ મુજ યોગ અદ્‌ભુત ! શિવસુખ કા યહ મૂલ હૈ.

હે ગુરુ, તુજ સર્વ મંગલ, મંગલ મંગલ ! વીરતા કા યહ મૂલ હૈ.

— પ્રેષક : ભાવના અંબાણી

(ટાઈટલ - ૩નું અનુસંધાન)

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ની માર્ચ-એપ્રિલ ૨૦૧૪માં લેવાયેલી પરીક્ષામાં શાળા તથા કોલેજની બાળાઓએ સુંદર દેખાવ કરેલ છે. કક્ષા અનુસાર રીઝલ્ટ આ પ્રમાણે છે.

પૂ. લાડકચંદ માણેકચંદ વોરા ગર્લ્સ હાઈસ્કુલ, સાયલા				
અનુ.	કક્ષા	કુલ બાળાઓ	કુલ પાસ બાળાઓ	રીઝલ્ટ %માં
1.	Std-9	147	147	100.00
2.	Std-10	95	73	76.84
3.	Std-11	85	85	100.00
4.	Std-12	54	51	94.44

પૂ. લાડકચંદ માણેકચંદ વોરા કોલેજ ઑફ આર્ટ્સ એન્ડ કોમર્સ, સાયલા				
અનુ.	વર્ષ	કુલ કન્યાઓ	કુલ પાસ કન્યાઓ	રીઝલ્ટ %માં
Sem-1	F.Y.B.A	96	87	90.63
Sem-3	S.Y.B.A	72	64	88.89
Sem-5	T.Y.B.A	41	38	92.68
Sem-2	F.Y.B.A	પ્રતિક્ષામાં છે.		
Sem-4	S.Y.B.A	72	66	91.67
Sem-6	T.Y.B.A	40	39	97.50

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪થી કન્યા દત્તક લેવા માટે અનુદાનની રકમ શાળાની બાળાઓ માટે રૂા.૪,૦૦૦/- પ્રત્યેક બાળા દીઠ અને કોલેજની કન્યાઓ માટે રૂા.૬,૦૦૦/- પ્રત્યેક કન્યા દીઠ નક્કી કરેલ છે.

સંસ્થા સર્વે ભાગ્યશાળી દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે. આ બાબતે વધુ માહિતી માટે :

શ્રી જયસુખભાઈ મહેતા, લંડન – +૪૪૭૮૩૦૨૯૪૦૬૦ E-mail : jaysukhmehta@googlemail.com
શ્રી પ્રદીપભાઈ પારેખ, વડોદરા – +૯૧૯૯૦૯૯૨૧૩૫૫ E-mail : pradipbgb5555@gmail.com

શ્રી રાજ-સૌભાગ આશ્રમ - સાયલા

'એકાંત મૌન આરાધના'

અરજી પત્રક

(શ્રી રાજમાર્ગનું યોગારોહણ પ્રકલ્પમાં જોડાયેલ મુમુક્ષુ માટે જ)

નામ : _____ **ઉંમર :** ____		**તારીખ/વર્ષ**
સરનામુ : _____	**અર્પણતા**	
_____	**અર્ધપ્રાપ્તિ**	
_____	**પૂર્ણપ્રાપ્તિ**	
ફોન નં. :	**ઉચ્ચ શ્રેણી**	

સંસાર-તાપથી દુભાયેલા ત્રાહિત દુ:ખી આત્માઓનું દુ:ખ જોઈ પ. પૂ. ભાઈશ્રીએ બહુ અનુકંપા કરી **'એકાંત મૌન આરાધના'** શિબિરનું આયોજન કર્યું છે. શ્રી રાજમાર્ગનું યોગારોહણમાં જોડાયા બાદ મારો અધ્યાત્મ પુરૂષાર્થ હજી વધુ પ્રબળ, વધુ જોમવંત, ધ્યેયલક્ષી બને તે માટે આ **'એકાંત મૌન આરાધના'** શિબિરમાં મારા આત્માના શ્રેયાર્થે મને તક આપવા નમ્ર વિનંતી છે.

આ શિબિર માટેના બધા જ નિયમો મેં વાંચ્યા છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાની હું બાંયધરી આપું છું.

૧. **'એકાંત મૌન આરાધના'** ની કેટલી શિબિરો ભરી છે ?

૨. હું **'એકાંત મૌન આરાધના'**ની શિબિર નં..... તા .....થી તા. ..... માટે અરજી કરું છું.

ગ્રુપ લીડરનું નામ : .....

ગ્રુપ લીડરનો અભિપ્રાય : .....

ગ્રુપ લીડરની સહી : .....

સાધકની સહી : .....

નોંધ : (અ) શિબિર શરૂ થવાના એક મહિના પહેલાં અરજી પત્રક ભરીને આશ્રમમાં પહોંચાડવાનું રહેશે.

(બ) ગ્રુપ લીડરના અભિપ્રાય વગરનું અરજી પત્રક અમાન્ય ગણવામાં આવશે.

(ક) શિબિરમાં પસંદગી પામેલ મુમુક્ષુઓને વહેલી તકે જાણ કરવામાં આવશે.

ખાસ નોંધ : (ખ) પરદેશના તથા લાંબા ક્ષેત્રે રહેતા મુમુક્ષુઓ **''શ્રી રાજમાર્ગનું યોગારોહણ''** પ્રકલ્પમાં ન જોડાયેલ હોય તો પણ **'એકાંત મૌન આરાધના'** શિબિર માટે અરજી કરી શકશે.

(પાછળ)

'એકાંત મૌન આરાધના' શિબિરના નિયમો

૧. એકાંત મૌન આરાધના શિબિર શરૂ થવાની હોય તે તારીખથી **એક મહિના પહેલાં દેશ-પરદેશના મુમુક્ષુએ અરજી પહોંચાડવાની રહેશે.**

૨. શિબિરને આગલે દિવસે મુમુક્ષુઓએ આશ્રમમાં હાજર થઈ જવાનું રહેશે અને શિબિર પૂર્ણ થાય પછી જ આશ્રમ છોડીને જઈ શકશે.

૩. રૂમમાં નાસ્તો કરવો નહીં.

૪. આખો દિવસ આત્માનું અનુસંધાન રહે તે રીતે દરેક ક્રમ ઉપરાંત સતત ચિંતન-મનન અને સુવિચારણા કરવી.

૫. મૌનપણે એકાંતમાં રહેતા સાધકને વૈરાગ્ય-ઉપશમભાવ વધે તે પ્રમાણેની ચર્યા ખૂબ જ ઉપયોગી થશે.

૬. શિબિર સંચાલક તરફથી જે કાંઈ સૂચના આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવું.

૭. સ્વાધ્યાય, ભક્તિ, ધ્યાન અને સત્સંગના સમયે પાંચ મિનિટ પહેલાં સ્થાન ગ્રહણ કરી લેવું.

૮. મોબાઈલ ફોન, છાપું કે પત્રવ્યવહાર શિબિર દરમ્યાન સંપૂર્ણ બંધ રાખવા.

૯. આશ્રમની બહાર જઈ શકાશે નહીં.

૧૦. ઉપરોક્ત નિયમોનો ભંગ કરનાર સાધકને શિબિર સંચાલક શિક્ષા રૂપે જે કાંઈ પ્રાયશ્ચિત આપે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઑગષ્ટ - ૨૦૧૪થી માર્ચ - ૨૦૧૫ સુધી રાખવામાં આવેલ શિબિર

મહિનો	એકાંત મૌન આરાધના શિબિર	આરાધના શિબિર
ઑગષ્ટ ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર રાખવામાં આવેલ નથી.**
સપ્ટેમ્બર ૨૦૧૪	**તોંતેરમી શિબિર** તા. ૨૪ બુધવારથી તા. ૨૮ રવિવાર સુધી	તા. ૨૪ બુધવારથી તા. ૨૮ રવિવાર સુધી
ઑક્ટોબર ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર રાખવામાં આવેલ નથી.**
નવેમ્બર ૨૦૧૪	**ચુમોતેરમી શિબિર** તા. ૭ શુક્રવારથી તા. ૧૧ મંગળવાર સુધી	તા. ૭ શુક્રવારથી તા. ૧૧ મંગળવાર સુધી
ડિસેમ્બર ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર તથા યુવા શિબિર** તા. ૨૫ ગુરુવારથી તા. ૩૧ બુધવાર સુધી
જાન્યુઆરી ૨૦૧૫	**પંચોતેરમી શિબિર** તા. ૨૨ ગુરુવારથી તા. ૨૬ સોમવાર સુધી	તા. ૨૨ ગુરુવારથી તા. ૨૬ સોમવાર સુધી
ફેબ્રુઆરી ૨૦૧૫	**છોંતેરમી શિબિર** તા. ૨૨ રવિવારથી તા. ૨૬ ગુરુવાર સુધી	તા. ૨૨ રવિવારથી તા. ૨૬ ગુરુવાર સુધી
માર્ચ ૨૦૧૫	**સત્યોતેરમી શિબિર** તા. ૧૮ બુધવારથી તા. ૨૨ રવિવાર સુધી	તા. ૧૮ બુધવારથી તા. ૨૨ રવિવાર સુધી

પૂ. લાડકચંદ માણેકચંદ વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, સાયલા તથા
પૂ. લાડકચંદ માણેકચંદ વોરા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, સાયલા

સંસ્કારની સરવાણી એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, બાળાઓના કિલ્લોલનો ફુવારો એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, બાલીકાઓના પ્રફુલ્લિત વદનનો મનોહર ઉદ્યાન એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ. આવી મનમોહક હાઈસ્કૂલના પ્રણેતા એટલે આપણા લાડીલા પ.પૂ. બાપુજી.....!!

પ.પૂ. બાપુજીની ભાવના હતી કે ગ્રામીણ બાળાઓ મુક્ત અને નિર્ભયપણે ભણી શકે, એ માટે શ્રી સાયલા ગામે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ ઈ.સ. ૨૦૦૦ થી પ.પૂ.ભાઈશ્રીના માર્ગદર્શન હેઠળ શરૂ થઈ. આજે આ શાળામાં ૩૮૪ બાળાઓ અભ્યાસ કરી રહી છે.

ઉપરોક્ત બાળાઓને વધુ ઉચ્ચ શિક્ષણ મળે એ હેતુથી ઈ.સ. ૨૦૦૮થી સાયલા ખાતે પૂ.લા.મા. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સની સ્થાપના થઈ. આ કૉલેજમાં આજે ૨૮૦ કન્યાઓ તેમની કારકિર્દી ઘડી રહી છે.

ખરેખર જો સાયલામાં આવી શિક્ષણ સંસ્થાઓ ન હોત તો કેટલીક ગ્રામિણ અને પછાત બાળાઓ તો ભણી જ ન શકત અથવા બહુ મુશ્કેલીથી ભણી શકી હોત. તેને બદલે આજે તેઓ સંસ્કારયુક્ત શિક્ષણ સરળતાથી મેળવી જીવનને ઉજ્જ્વળ બનાવે છે અને કોઈ બાળા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરે છે તો કોઈ પરદેશ જવાનો મોકો પણ મેળવે છે.

શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળ સંચાલિત પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલની બાળાઓને તથા પૂ.લા.મા. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સની કન્યાઓને દત્તક લેવાની યોજના ચાલી રહેલ છે. તેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે જાન્યુઆરી ૨૦૧૪ થી શાળાની તથા કૉલેજની કન્યાઓને દત્તક લેવાનું શરૂ કરેલ છે. જેમાં જાન્યુઆરી ૨૦૧૪ થી જૂન ૨૦૧૪ સુધી આવેલ ડોનેશનની વિગત દેશ પ્રમાણે આ મુજબ છે.

પૂ.લા.મા.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ (કુલ બાળાઓ = ૩૮૪)			પૂ.લા.મા. વોરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (કુલ કન્યાઓ = ૨૮૦)	
દાતાશ્રીઓ	દત્તક બાળાઓ	દેશ	દાતાશ્રીઓ	દત્તક બાળાઓ
૫૩	૧૮૫	ભારત	૨૧	૫૪
૧૩	૪૨	યુ.કે.	૧૩	૩૯
૧	૭	યુ.એ.ઈ.	૪	૨૯
૩	૭	યુ.એસ.એ.	૪	૭૬
૨	૨૭	કેન્યા	૧	૧
૭૨	૨૬૮	કુલ	૪૩	૧૯૯

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે ત્રણ દાતાઓએ એકી સાથે ૨૫ બાળાઓને દત્તક લઈને તથા અનેક દાતાઓએ પાંચ કરતાં વધુ બાળાઓને એક કરતાં વધુ વર્ષો માટે અને અનેક દાતાઓએ શાળા તથા કૉલેજની કન્યાઓને સંયુક્ત રીતે દત્તક લઈ કન્યા કેળવણી માટે મહામૂલ્ય દાનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડેલ છે. તેઓ ખરેખર ધન્ય છે અને બાળાઓની આવી ઉન્નતિ જોઈ ખૂબ સંતોષ અનુભવે છે. સંસ્થા સર્વે ભાગ્યશાળી દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે.

અનુસંધાન પાન નં. ૩૮ ઉપર

હવે પછીના સંસ્થાના કાર્યક્રમોની સૂચિ

૧.	પૂ.સૌભાગ્યભાઈનો દેહવિલય દિન	– જેઠ વદ ૧૦, તા.૨૨ જૂન ૨૦૧૪ રવિવાર
૨.	ગુરૂપૂર્ણિમા મહોત્સવ	– અષાઢ સુદ ૧૪ થી અષાઢ વદ ૧ તા. ૧૧-૧૨-૧૩ જુલાઈ ૨૦૧૪ શુક્રવાર-શનિવાર અને રવિવાર
૩.	પર્યુષણ મહાપર્વ	– શ્રાવદ વદ ૧૨થી ભાદરવા સુદ ૪ તા. ૨૨ થી ૨૯ ઓગષ્ટ ૨૦૧૪, શુક્રવારથી શુક્રવાર
૪.	આસો માસની આયંબિલની ઓળી	– આસો સુદ ૬ થી ૧૫. (દશમનો ક્ષય છે.) તા. ૩૦ સપ્ટે.થી ૮ ઓક્ટો. ૨૦૧૪ મંગળવારથી બુધવાર સુધી
૫.	શ્રી આત્મસિદ્ધિ અવતરણ દિન તથા પ્રભુશ્રીનો જન્મદિન	– આસો વદ ૧, તા. ૯ ઓક્ટોબર ૨૦૧૪, ગુરુવાર
૬.	દિવાળી મહોત્સવ	– આસો વદ ૧૩ થી કારતક સુદ ૧ તા. ૨૧ થી ૨૪ ઓક્ટોબર ૨૦૧૪, મંગળવારથી શુક્રવાર
૭.	પ.કૃ. દેવની જન્મજયંતી	– કારતક સુદ ૧૫, તા. ૬ નવેમ્બર ૨૦૧૪, મંગળવારથી શુક્રવાર
૮.	પૂ.ભાઈશ્રી તથા પૂ. ગુરુમાનો જન્મદિવસ	– તા. ૨૪ તથા ૨૫ નવેમ્બર ૨૦૧૪, સોમવાર તથા મંગળવાર
૯.	પૂ.બાપુજીની પુણ્યતીથિ	– માગશર સુદ ૧૦, તા. ૧ ડીસેમ્બર ૨૦૧૪, સોમવાર
૧૦.	આશ્રમનો સ્થાપના દિન	– તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪, બુધવાર

BOOK-POST
PRINTED MATTER

To,

From :
Shree Raj Saubhag Satsang Mandal
Shree Raj Saubhag Ashram
On National Highway No. 8-A,
SAYLA - 363430
Gujarat, INDIA
Tel : 02755-280533
Telefax : 02755-280791

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."